બચ્ચોંકી તાલીમ સીરીઝ - ૫

# ગુસ્લ-કફન-દફનના આદાબ



: પ્રકાશક :


## ઝયનબીયાહ ઇસ્લામી લાયબ્રેરી, મેતા



મેતા - ૩૮૫૫૨૫, (ઉત્તર ગુજરાત) ઈન્ડિયા.

ફોન : (૯૧-૨૭૩૯) ૨૮૬૦૫૪, મો. : ૯૮૯૮૩૬૯૦૮૯

E_mail : mohak_110@yahoo.co.in
jafari_92@yahoo.co.in



https://downloadshiabooks.com/

બિસ્મેહી સુબ્હાનહુ તઆલા

રબ્બિર હમ્હોમા કમા રબ્બયાની સગીરા.

(અય પાલનહાર ! બચપણમાં મારી દેખભાળ કરનાર એ મા-બાપ પર રહેમ કર.)



મરહુમ નુરમોહંમદ ઈબ્ને હબીબભાઈ
(૧૯૩૩ - ૨૦૧૨)



મોહતરમા હલીમાબેન બિન્તે સુલેમાનભાઈ
(જન્મ તા. ૩ -૪- ૧૯૩૭)

બચ્ચોંકી તાલીમ સીરીઝ - ૫

# ગુસ્લ-કફન-દફનના આદાબ

: સંકલન :

મોહસીન અલી (મેતા)

પ્રથમ આવૃતિ ❀ નકલ -૧૦૦૦ ❀ ૭ સફર -૧૪૩૪ હિજરી

: Publishers :

**Zainabiyah Islamic Library**

Meta - 385525, N. Gujarat (INDIA)
Phone : (91-2739) 286054
Mobile : 91 98983 69089

E_mail : mohak_110@yahoo.co.in
jafari_92@yahoo.co.in

ફોટોગ્રાફી : નાઈસ ફોટો સ્ટુડિયો, છાપી. મો. : ૯૮૭૯૫ ૯૪૬૭૪
શુષોભન : સાજીદ પંજ, અમદાવાદ. મો.: ૯૮૯૮૦ ૧૩૦૮૨
મુદ્રક : પ્રિન્ટવેલ પ્રિન્ટર્સ, અમદાવાદ. મો.: ૯૮૯૮૦ ૦૧૪૭૪



https://downloadshiabooks.com/

# કુરઆન અને હદિસની રોશનીમાં મોત

## ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેઉન.

(સુરએ બકરહ-૧૫૬)

(અલ્લાહ તરફથી આવ્યા છીએ અને અલ્લાહ તરફ પાછા જવાના છીએ.)

## કુલ્લો નફસિન ઝાએકતુલ મૌત.

(સુરએ આલે ઈમરાન-આ. ૧૮૫)

(દરેક જીવને મોતની મજા ચાખવાની છે.)

તમે જ્યાં પણ રહેશો મોત તમને ભરખી જશે. ચાહે મજબૂત કિલ્લાઓમાં જ કેમ ન રહો ? (સુરએ નીસા આ. ૭૮)

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ. ફરમાવે છે કે,

બેશક ! મોતથી દુનિયાની લજ્જતો ખતમ થઈ જાય છે, દુનિયાનો સ્વાદ ફીકો પડી જાય છે. અને મોત તમારી આશાઓ પર પરદો પાડી દે છે...

દુનિયાની જીંદગીમાં ગળાડૂબ ઈન્સાને મોતને યાદ રાખીને આખેરત (પરલોક)ની જીંદગીની તૈયારી કરવી જોઈએ. કારણ કે દુનિયાની જીંદગી ક્ષણિક છે. આખેરતની ચિંતા કરનાર જ સાચો મોમીન છે.





https://downloadshiabooks.com/

# બીમારોની મુલાકાતનો સવાબ

**ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,**

(૧) કોઈ માણસ બીમાર મુસલમાન બંધુના ખબર અંતર પૂછવા સવારે જાય તો સાંજ સુધી અને સાંજે જાય તો સવાર સુધી સીત્તેર હજાર ફરિશ્તા તેના પર દુરૂદ મોકલે છે. (સલામતી માટે દુઆ કરે છે) ઘેર પાછો ફરે ત્યાં સુધી તેની બક્ષિસ (મુક્તિ) માટે દુઆ કરે છે.

**ઈમામ મોહંમદ બાકીર અ. જણાવે છે કે,**

જો કોઈ બીમાર મોમીનની મુલાકાત માટે જાય તો તેના પર ખુદા તઆલાની રહેમત (કૃપા વૃષ્ટિ) ઉતરે છે. જ્યારે બીમારની પાસે જઈને બેસે છે ત્યારે અલ્લાહની રહેમત તેને ઘેરી લે છે. ત્યાંથી પાછો ફરે છે ત્યારે ખુદા તઆલા ૭૦,૦૦૦ ફરિશ્તાઓને મોકલે છે. તેઓ બીજા દિવસે તે સમય સુધી તેના પર દુરૂદ મોકલે છે. તેની મુક્તિ માટે દુઆ કરે છે અને ખુશ ખબરી આપે છે કે તારી જન્નત તને મુબારક થાય. જન્નતમાં એટલી વિશાળ જગા આપે છે કે, ચાલીસ વરસ સુધી તે જગામાં ઘોડો દોડી શકે.



બીમારની મુલાકાત માટે જાય છે.



https://downloadshiabooks.com/

# બીમારની મુલાકાતના આદાબ

**એક હદીસમાં છે કે,**

કોઈ બીમાર માણસ મોમીન બિરાદરોને સમાચાર મોકલાવે કે, પોતાની તબિયતના ખબર અંતર પૂછવા આવે અને સવાબ મેળવે. **આ રીતે સમાચાર મોકલવાથી બીમાર માણસને ૧૦ નેકીઓ મળશે અને ૧૦ દરજ્જા વધારવામાં આવશે.**

**ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે ,**

બીમાર માણસ પોતાની તબિયત અંગે પૂછપરછ કરવા આવતા મોમીનોને મુલાકાત માટે રજા આપે. કેમકે જે લોકો આવશે તેઓની એક એક દુઆ કબૂલ થશે.

**ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,**

જે કોઈ મોમીન બંધુના ખબર અંતર પૂછવા જાય તો બીમારને પોતાના માટે દુઆ કરવાનું કહે, કેમ કે બીમાર મોમીનની દુઆ વધારે હેસિયત રાખે છે. (એટલે કે ખુદા જલ્દી દુઆ કબૂલ કરે છે.)

હદીસમાં છે કે, બીમારના ખબર અંતર લેવા જાય તો બીમાર



બીમાર મોમીનની મુલાકાત.



https://downloadshiabooks.com/

માટે **સફરજન, બેહી** (એક જાતનું ફળ), અથવા **ખુશ્બુ, ઉદ** (સુગંધિત લાકડુ) વગેરે લઈ જાય. તેનાથી બીમારને રાહત પહોંચે છે.

બીમારની મુલાકાત ત્યારે જ પરિપૂર્ણ થાય છે કે બીમારના બાવડા પર પોતાનો હાથ રાખી બીમારની તંદુરસ્તી માટે દુઆ કરે. ત્યાંથી જલ્દી પાછા ફરે. (દર્દી પાસે વધુ ન બેસે.) ક્યારેક અતિશય મુલાકાતીઓ દર્દીને વધારે તકલીફ પહોંચાડે છે.



**જમણા બાવડા પર હાથ રાખી બીમારની તંદુરસ્તી માટે દુઆ કરે છે.**

**દર્દી પાસે વધુ સમય બેસવાની મનાઈ કરતાં હ.અમીરૂલ મોમેનીન (અ.) જણાવે છે કે,**

બીમારના ખબર અંતર લેનારાઓમાં સૌથી વધુ સવાબ એને મળે છે જે ખબર અંતર પૂછી તરત દૂર ખસી જાય. સિવાય કે દર્દી પોતે જ તેને પોતાની પાસે બેસવાનું પસંદ કરે અને બેસવા માટે વિનંતી કરે.

**ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,**

આંખ દુઃખવા આવે તો દર્દીની મુલાકાત કરવામાં ન આવે. અન્ય બીમારીઓમાં ત્રણ દિવસ સતત ખબર અંતર પૂછવા જોઈએ. ત્યારબાદ એકાંતરે મુલાકાત લેવી જોઈએ. અગર બીમારી લંબાઈ જાય તો બીમારને તેના બાલ બચ્ચાઓ સાથે રાખવામાં આવે. તેની મુલાકાત ન કરવામાં વાંધો નથી.



https://downloadshiabooks.com/

# સકરાત

ઈન્સાનની જીંદગીની છેલ્લી ઘડી યાને મૃત્યુ પહેલાના સમયને **સકરાત** કહે છે.

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**

જે માણસ એમ ઈચ્છતો હોય કે અલ્લાહ તઆલા તેને સકરાતની સખ્તીઓથી બચાવે, તો તેણે પોતાના સગાવહાલાઓ સાથે રહેમ દિલીથી વર્તવું જોઈએ, પોતાના મા-બાપ સાથે ભલાઈ કરવી જોઈએ. જે કોઈ આ પ્રમાણે કરશે તો અલ્લાહ તઆલા તેની મોતની સખ્તીઓને આસાન કરશે. જીંદગીમાં ક્યારેય મોહતાજ નહિ થાય.

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**

જે માણસ માહે રજબના છેલ્લા દિવસે રોઝો રાખશે તો અલ્લાહ તઆલા તેને સકરાત વખતે, મૌતના પછી ભયાનકતાથી સલામત રાખશે.

**અમીરૂલ મોમેનીન હ. અલી અ. ફરમાવે છે કે,**

સકરાતના વખતે મરનારની સમક્ષ ત્રણ સૂરતો નજરે પડે છે. **(૧) માલ-દોલત (૨) ઔલાદ (૩) અમલ**

માલ-દોલત અને ઔલાદનો ખ્યાલ છોડીને અલ્લાહ તઆલાની યાદમાં મશગૂલ રહે. કારણ કે, નેક અમલ જ કબર, બરઝખ અને કયામતના દિવસે સાથ આપશે. ઈન્સાનને જ્યારે



https://downloadshiabooks.com/

મોતના ચિહ્નો દેખાવા લાગે ત્યારે સૌથી પહેલા પોતાના ગુનાહોનો એકરાર કરે. અલ્લાહ તઆલા સમક્ષ રડી, કકળીને, આજીજી કરીને તૌબા કરે, પ્રાયશ્ચિત કરે, ગુનાહોની માફી માગે. ખુદા અને ઈન્સાનોના કોઈ હક્કો બાકી હોય તેને અદા કરી દે. જો તે શક્ય ન હોય તો કોઈને તે માટે વસિયત કરે. પોતાના માલના ત્રીજા ભાગમાંથી પોતાનું કરજ અદા કરવા માટે, પોતાના નજીકના સગાઓ માટે, સદકા-ખયરાત માટે વસિયત કરે. જેની જેની ગીબત કરી હોય, યા મશ્કરી કરી હોય, કોઈનું અપમાન કર્યું હોય તો તેની માફી માગે. અગર તે હાજર ના હોય તો કોઈના મારફતે સમાચાર પહોંચાડી માફ કરાવે. પોતાના બાલ બચ્ચાઓના પાલન પોષણ માટે અલ્લાહને સોંપ્યા બાદ



અલ્લાહ તઆલા પાસે ગુનાહોની માફી માંગે છે.



https://downloadshiabooks.com/

કોઈ નેક માણસને સુપ્રત કરે. પોતાનું કફન તૈયાર કરે. તેના પર શહાદતૈન, દુઆઓ અને જેનો હુકમ છે તેવી કુરઆનની આયાતો લખાવીને તૈયાર રાખે. આ એ લોકો માટે છે જેઓ મોતથી ગાફિલ છે અને કફનની તૈયારી નથી કરી.



પોતાનું કફન તૈયાર રાખવું.

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**

જેનું કફન પોતાના ઘરમાં હાજર હોય તે ગાફિલોમાંથી નથી. જ્યારે તે કફનને જોશે તો તેને સવાબ મળશે.

**હ. રસુલે ખુદા સ. ફરમાવે છે કે,**

મોતની કઠિણાઈ મોમીન માટે તેના ગુનાહોનો કફ્ફારો હોય છે. જેથી તેના બાકી રહેલા ગુનાહ માફ થઈ જાય છે. તે પાક પાકીઝા થઈને બેહિશ્ત (જન્નત)ને લાયક બને છે અને હંમેશા બેહિશ્તમાં રહેશે.



https://downloadshiabooks.com/

# વસિયતના અહેકામ

**તમારા પર વાજીબ કરવામાં આવ્યું છે કે, જયારે પણ તમારામાંથી કોઈને મોતના અણસાર નજરે પડે અને કોઈ ચીજ છોડી હોય તો પોતાના મા-બાપ યા નજીકના સગાઓને વસિયત કરે.** (સુરએ બકરહ આયત-૧૮૦)

ઈન્સાન માટે જરૂરી છે કે બીમારીની હાલતમાં વસિયતનામું પોતાના માથા (ઓશીકા) નીચે રાખે. ખાસ તાકીદ કરવામાં આવી છે કે સારી વસિયત કરે. જેનાથી અલ્લાહના અને ઈન્સાનના બાકી હક્કોથી પોતાને છૂટકારો મળે.

**હ. રસુલે ખુદા સ. ફરમાવે છે કે,**

જે માણસ મરવાના સમયે સારી વસિયત ન કરે તો તેની અક્કલ અને અખ્લાકમાં ખામી છે.

ઈન્સાન એવી દોરવણી આપે કે પોતાના મૃત્યું બાદ તેના માટે કોઈ કાર્યો કરવામાં આવે તેને **વસિયત** કહે છે. જેમકે,



અંતિમ સમયે નજીકના સગાઓને વસિયત કરે છે.



https://downloadshiabooks.com/

પોતાના મરણ બાદ શરીઅતને આધીન પોતાની મિલકતમાંથી કેટલીક રકમ ધર્માદામાં આપવામાં આવે, પોતાની ઓલાદને અમુક માલ આપવામાં આવે, લોકોની અમાનતોને પરત કરવામાં આવે. વગેરે.....

(૧) જ્યારે ઈન્સાન પોતાના મૃત્યુંના ચિહ્નો જૂએ ત્યારે તેની ફરજ છે કે, પોતાની પાસે રાખેલી અમાનતોને માલીક સુધી પહોંચાડે, લોકોનું લેણું બાકી હોય તો તેને અદા કરી દે, જો કરજ અદા કરી શકવા અશક્તિમાન હોય તો તેને અદા કરવા માટે વસિયત કરે.

(૨) જે માણસ પોતાના મૃત્યુંનાં ચિહ્નો જૂએ તો પોતાની કઝા નમાઝો, રોઝા બાકી હોય તો, તેની ફરજ છે કે મોટા દિકરાને જાણ કરે યા વસિયત કરે.

(૩) ખુમ્સ, ઝકાત, વાજીબ હજ યા અન્ય કોઈ લેણું બાકી હોય તો પોતે અદા કરે. જો શક્ય ન હોય તો તેની વસિયત કરે કે પોતાની મિલકતમાંથી તેને અદા કરે. મરણના ચિહ્નો જોતો ન હોય તો પણ વાજીબ છે કે શરીઅતના નિયુક્ત કરેલા હક્કો તરત જ અદા કરે.

(૪) જ્યારે માણસને મરવાના ચિહ્નો નજરે પડે તો છૂપાવી રાખેલ માલની જાણ કરે યા તેની વસિયત કરે.

(૫) અગર અમાનતદાર પોતાના મોતની નિશાનીઓ જૂએ તો શક્ય હોય તો અમાનત તેના ધણીને પહોંચાડી દે. યા વસિયત દ્વારા એવી વ્યવસ્થા કરે કે પોતાને સંતોષ થાય કે પોતાના મૃત્યું બાદ તે અમાનતોને પહોંચાડવામાં આવશે.

(૬) અગર ઈન્સાન મરણ પથારીએ પડ્યો હોય છતાં અમાનતો પરત કરવા અંગે કોઈ પગલું ન ભરે તો તે જામીન ગણાશે. અમાનતોને કોઈ નુકશાન થાય તો તેને ભરપાઈ કરવાની જવાબદારી પોતાની રહેશે.



https://downloadshiabooks.com/

# સકરાતના સમયે હાજરજનોની ફરજો





**સકરાતના સમયે બીમારને કિબ્લા રૂખ કરવું.**

વાજીબ છે કે સકરાતના વખતે જે હાજર હોય તે બીમારને કિબ્લા રૂખ કરે. એટલે કે બીમારને એવી રીતે ચત્તા સૂવરાવે કે તેના પગના તળિયા કિબ્લા તરફ રહે. અગર તેને બેઠો કરવામાં આવે તો પણ તેનો ચહેરો કિબ્લા તરફ હોય.

મુસ્તહબ છે કે, જ્યારે ઈન્સાનની છેલ્લી ઘડી હોય ત્યારે **કલ્મએ શહાદતૈન, કલેમાતે ફરજ** પઢાવે અને **અઈમ્મએ માસુમીન અ. ના નામોનો ઈકરાર** કરાવે. જેથી તેની રૂહ નીકળવામાં આસાની થાય. બીમાર પણ તેની સાથો સાથ પઢતો જાય. અગર જીભથી પઢી શકતો ન હોય તો દિલમાં પઢે.

**કલ્મએ લાએલાહ ઈલ્લલ્લાહ** નું સતત રટણ કરાવે. રિવાયતમાં છે કે જે માણસ પોતાની અંતિમ પળોમાં **લાએલાહ ઈલ્લલ્લાહ** કહે તો યકિનન જન્નતમાં દાખલ થશે.

**હ. રસુલે ખુદા સ. ફરમાવે છે કે,**

સકરાતની હાલતવાળા માણસને **કલ્મએ શહાદતૈન** વારંવાર પઢાવો. કારણ કે જેના આખરી શબ્દો કલ્મએ શહાદતૈન હશે તો તે જરૂરથી જન્નતમાં દાખલ થશે.



https://downloadshiabooks.com/

# કલ્મએ શહાદતૈન

**અશ્હદુ અલ લાએલાહ ઈલ્લલ્લાહ, વહદહુ લા શરીકલહ, વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દોહુ વ રસુલોહ.**

(હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ માઅબુદ નથી. તેનો કોઈ ભાગીદાર નથી. હું ગવાહી આપું છું કે મોહંમદ સ. અલ્લાહના બંદા અને રસુલ છે.)

**હ. ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,**

**સકરાતની હાલતમાં હોય તેને કલેમાતે ફરજની તલકીન (રટણ) કરાવો.**



કલ્મએ શહાદતૈન અને કલેમાતે ફરજ પઢાવે છે.



https://downloadshiabooks.com/

# કલેમાતે ફરજ

**બિસ્મીલ્લાહિર રહમાનિર રહીમ**

**લા ઈલાહ ઈલ્લલ્લાહુલ હલીમુલ કરીમ, લા ઈલાહ ઈલ્લલ્લાહુલ અલીય્યુલ અઝીમ, સુબ્હાનલ્લાહે રબ્બિસ્ સમાવાતિસ્ સબ્અ, વ રબ્બિલ અર્ઝિનસ્ સબ્અ, વ મા ફી હીન્ન, વ મા બયન હુન્ન, વ રબ્બિલ અર્શિલ અઝીમ, વલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.**

(ખુદા જે સાહેબે ઈલ્મ અને કરમ છે, તેના સિવાય કોઈ માઅબૂદ નથી, ખુદા જે બુઝુર્ગ તથા મહાન છે, સાત આસમાનો, સાત જમીનો તથા તેની અંદર તથા તેની વચમાં રહેલી તમામ ચીજોનો તેમજ અર્શનો ધણી પરવરદિગાર પાક છે. સઘળા વખાણ બધાય જગતના પાલનહારના છે.)

**બિસ્મીલ્લાહિર રહમાનિર રહીમ**

**યા મંય યકબલુલ યસીર. વ યઅફુ અનિલ કસીર. ઈકબલ મિન્નિલ યસીર, વઅફો અન્નિલ કસીર. ઈન્નક અન્તલ ગફૂરૂર રહીમ.**



બીમારની પાસે કુરઆનની તિલાવત કરે છે.



https://downloadshiabooks.com/

(અય જે થોડા (અઅમાલ)ને પણ કબૂલ કરીલે છે અને બહુ જ (ગુનાહ) ને માફ કરી દે છે. મારા થોડા આમાલને કબૂલ કરી લે અને મારા ઘણા ગુનાહોને માફ કરી દે. તુ બક્ષનાર, મહેરબાન છે.)

બીમારની હાલત એવી હોય કે પોતે ના પઢી શકે તો પાસે રહેનાર એટલા જોરથી પઢે કે બીમાર સાંભળી શકે.

મુસ્તહબ છે કે, બીમારને રાહત પહોંચાડવા માટે તેની બાજુમાં **સુરએ યાસીન** (સુરા નં. ૩૬, પારા-૨૨) **સુરએ વસ્સાફાત** (સુરા નં.૩૭, પારા-૨૩) **સુરએ અહઝાબ** (સુરા નં. ૩૩, પારા-૨૧) **આયતુલ કુરસી** (સુરા બકરહ આયત નં. ૫૫ થી ૫૭, પારા-૩ રૂકુઅ-૧) **સુરએ અઅરાફ** (સુરા નં. ૭, આયત નં. ૫૪, પારા-૮) **સુરએ બકરહની છેલ્લી ત્રણ આયાતો** (સુરા નં. ૨, પારા-૩) પઢે.

સકરાતમાં જો રૂહ નીકળવામાં તકલીફ હોય તો મુસ્તહબ છે કે, બીમારને તેની નમાઝની જગ્યાએ સૂવરાવે જેથી તેની રૂહ આસાનીથી નીકળી જાય. મુસ્તહબ છે કે **દોઆએ અદિલહ** પઢે. આ ઉપરાંત વધુમાં વધુ તિલાવતે કુરઆન કરે.



બીમારની પાસે કુરઆનની તિલાવત કરે છે.



https://downloadshiabooks.com/

# મોત સમયના મકરૂહ કામો

મરનારની છેલ્લી ઘડી હોય ત્યારે નીચેના કામો મકરૂહ છે. તેથી ન કરવા જોઈએ.

(૧) મરનારને એકલા મુકી દેવું.

(૨) મરનારની ઉપર હાથ રાખવા, પેટ પર કોઈ ભારે ચીજ-વસ્તું રાખવી.

(૩) મરનારની બાજુમાં વાતો કરવી યા મોટા અવાજે રડવું.

(૪) હયઝ (માસિક ઋતુસ્ત્રાવ) યા જનાબતની હાલતમાં મરનારની બાજુમાં રહેવું.

(૫) મરનારની પાસે સ્ત્રીઓને એકલા મૂકી દેવું.

મરનારની છેલ્લી ઘડી સખત હોય છે તેથી રડવા કરતાં મરનારના ગુનાહો માટે ઈસ્તિગ્ફાર (પ્રાયશ્ચિત), દુઆઓ અને તિલાવતે કુરઆન કરવી એ બહેતર છે.



મરનારની પાસે સ્ત્રીઓને એકલા મૂકી દેવું તેમજ બેસીને વાતો કરવી મકરૂહ છે.



https://downloadshiabooks.com/

# રૂહ કબ્ઝ થયા બાદ હાજરજનો માટે શરીઅતના હુકમો



બંને પગ ભેગા કરવા.



મોઢું બંધ કરવું.

(૧) હાજરજનો પર વાજીબ છે કે મય્યતને કિબ્લા રૂખ કરે.

(૨) મય્યતના દાગીના, ઘડિયાલ, બનાવટી દાંત વગેરે પહેરેલા હોય તો કાઢી નાંખે.

(૩) મય્યતના હાથ પગ સીધા કરે. પગના બંને અંગુઠા ભેગા કરી કપડું બાંધી દે. જેથી વળી ન જાય. તેના પર કોઈ વજન ન રાખે.



(૪) મય્યતની આંખો, મોઢું બંધ કરે. માથાથી પગ સુધી ચાદર ઢાંકે.



https://downloadshiabooks.com/

(૫) તમામ હાજરજનો તિલાવતે કુરઆન કરે, સલવાત વગેરે જેટલું પઢી શકાય તેટલું પઢે.

(૬) મય્યતના નામ પર સદકો કાઢે.

(૭) મય્યત જે ઓરડામાં હોય ત્યાં અજવાળું રાખે. અંધારામાં મય્યતને ન રાખે.

(૮) મય્યતની બેઈજ્જતી થાય તેવું કોઈ કામ ન કરે.

(૯) મય્યતના ગુસ્લ - દફન - કફનની ક્રિયા માટે ઉતાવળ કરે. તેમાં હાજરી આપવા મોમીનોને જાણ કરે.

(૧૦) મય્યતના ઘરવાળાઓને એકલા ન છોડે. બે ત્રણ દિવસ તેમની સાથે રહે. તેમના ખાવા-પીવાની વ્યવસ્થા મોમીનોએ કરવી. મય્યતના ઘરે ખાવું મકરૂહ છે.



મય્યતના નામ પર સદકો આપવો.



https://downloadshiabooks.com/

# ગુસ્લના આદાબ

## મૈયતને ગુસ્લ આપવાનો સવાબ :

**ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,**

જે કોઈ પોતાના મોમીન ભાઈની મૈયતને ગુસ્લ આપતી વેળાએ કહે, ‘‘ખુદાયા, આ તારો મોમીન બંદો છે જેની રૂહને તેના શરીરથી અલગ કરી છે માટે તેને બક્ષી આપ.’’ તો ખુદા તેના એક વર્ષના ગુનાહે સગીરાને માફ કરશે. (બેહાર-૮૧)

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**

જે કોઈ પોતાના મોમીન ભાઈની મૈયતને ગુસ્લ આપે અને તેના માટે અમાનતદાર બને તો ખુદા તેના ગુનાહને માફ કરી દેશે. સવાલ કરવામાં આવ્યો કે મૈયત માટે કેવી રીતે અમાનતદાર થઈ શકીએ ? આપે ફરમાવ્યું કે, જે તેણે જોયું છે તે બીજાને ન કહે. (મૈયતના એબોને જાહેર ન કરે.) (બેહાર-૮૧)



મૈયતને ગુસ્લ આપવાનો ખૂબ જ સવાબ છે.



https://downloadshiabooks.com/

# ગુસ્લે મય્યત માટે શરીઅતના હુકમ

**(૧) દરેક મુસલમાનની મય્યત પુરૂષ હોય યા સ્ત્રી, બાલિગ હોય યા નાબાલિગ ત્યાં સુધી કે ચાર મહિનાનો પડી ગયેલ ગર્ભ કેમ ન હોય ગુસ્લ આપવું વાજીબ છે. ચાર મહિનાની અંદર હોય અને માણસનો આકાર બની ગયેલ હોય તો તેને પણ ગુસ્લ આપવું વાજીબ છે. માણસનો આકાર બન્યો ન હોય તો તેને કપડામાં વીંટીને ગુસ્લ વગર દફન કરી દે.**

(૨) મય્યતના વાલી પર વાજીબ છે કે, પોતે યા તેની રજાથી બીજો કોઈ મય્યતને ગુસ્લ આપે. **વાજીબ છે કે પુરૂષની મય્યતને પુરૂષ અને સ્ત્રીની મય્યતને સ્ત્રી ગુસ્લ આપે.** પતિ-પત્ની એકબીજાને ગુસ્લ આપી શકે છે. ત્રણ વરસ સુધીના છોકરાને સ્ત્રી અને ત્રણ વરસ સુધીની છોકરીને પુરૂષ ગુસ્લ આપી શકે છે.



મય્યતને ગુસ્લ આપવાનો ખૂબ જ સવાબ છે.



https://downloadshiabooks.com/

(૩) મય્યતના શરીરનો કોઈ ભાગ કપાઈ ગયો હોય, જેમાં હાડકું હોય તો તે ભાગને ગુસ્લ આપવું વાજીબ છે. હાડકા વગરનો માંસનો લોચો હોય તો તેને ગુસ્લ આપ્યા વગર કપડામાં લપેટી દફન કરી દેવામાં આવે.


(૪) પાણીમાં ડૂબીને કોઈ મરી જાય અને ઘણા સમય બાદ લાશ મળે, આવા કિસ્સામાં જો શરીર ફૂલી ગયું હોય અને બદબૂ એટલી આવતી હોય કે કોઈ બાજુમાં ઊભું ન રહી શકે તો ગુસ્લ વગર સીલવાળી પેટીમાં બંધ કરી નમાઝે મય્યત પઢી દફન કરી દેવામાં આવે.

(૫) બળી ગયેલી મય્યત હોય તો, જો પાણીથી ગુસ્લ આપી શકાય તેમ હોય તો ગુસ્લ આપી કફન પહેરાવવામાં આવે. શરીર બળીને સાવ ખાક થઈ ગયું હોય તો તેના છૂટા પડેલા અવયવોને થેલી યા કપડામાં રાખી નમાઝે મય્યત પઢી દફન કરી દેવામાં આવે.

(૬) કોઈ મય્યત જખ્મી હોય યા ઓપરેશન કરાવેલ હોય અને લોહી સતત ચાલુ હોય, અટકતું ન હોય તો ગુસ્લ બાદ તરત જ રૂની અંદર કપુર નાખી જખ્મ પર મુકી પ્લાસ્ટીક વીંટી દેવું. જેથી



અંગ કપાઈ ગએલ લાશ



પાણીમાં ડૂબેલી લાશ



https://downloadshiabooks.com/

કફન ન બગડે. જો અનેક જગ્યાએથી લોહી નીકળતું હોય તો ગુસ્લ આપ્યા બાદ આખા શરીરને પ્લાસ્ટીકથી વીંટી દેવું. ત્યાર બાદ કફન પહેરાવવું.

(૭) ગુસ્લ આપવા માટે પાણી ન જ હોય યા એવી કોઈ બીમારી અથવા મજબૂરીના કારણે ગુસ્લ ન આપી શકાય એમ હોય ત્યારે દરેક ગુસ્લના બદલે એક એક તયમ્મુમ કરવું જોઈએ.

(૮) ગુસ્લે મય્યત વાજીબે કિફાઈ છે. એટલે કે અમુક મોમીનો તે ફરજોની અદાયગી કરે તો બાકીના મોમીનો જીમ્મેદારીથી મુક્ત થઈ જશે. જો કોઈપણ તે ફરજો બજાવી નહિ લાવે તો બધા જ ગુનેગાર થશે.

(૯) અગર કોઈને ખાત્રી હોય કે, ગુસ્લ, કફન, દફન અને નમાઝ ખોટી રીતે અંજામ અપાઈ રહી છે, તો તેની ફરજ છે કે બીજીવાર અંજામ આપે.

(૧૦) એહતિયાતે વાજીબની રૂએ જ્યાં સુધી મય્યતને તરતીબી ગુસ્લ આપવું શક્ય હોય ત્યાં સુધી ઈરતેમાસી ગુસ્લ આપવામાં ન આવે.


બળી ગએલ લાશ


જખ્મી લાશ



https://downloadshiabooks.com/

# ગુસ્લ-કફન આપનાર માટે શરીઅતના હુકમો

**મય્યતને ગુસ્લ-કફન આપનારા નીચેની બાબતોનું પુરૂં ધ્યાન રાખે.**

(૧) ગુસ્લ આપવા માટે મરનારે કોઈને વારીસ નીમેલ હોય તો પહેલા તે હક્કદાર છે. વારીસ ન નીમેલ હોય તો મરનારના વારસદારની રજા લેવી જરૂરી છે.

(૨) ગુસ્લ-કફન આપનાર બાલીગ, શીઆ ઈસ્નાઅશરી, અક્કલમંદ અને અહેકામ સંબંધિત મસાએલના જાણકાર હોવા જોઈએ.

(૩) મય્યતના શરીર પર કોઈ કિંમતી ચીજ વસ્તું હોય તો તેને કાઢી મય્યતના વાલીને આપી દે. મય્યતના કપડા પગ તરફથી કાઢે. જો સાંકડા હોય અને કાપવા પડે તો મય્યતના વારીસની રજા લઈને કાપે.



મય્યતના શરીર પરના કપડા કાઢે છે.



https://downloadshiabooks.com/



મય્યતને ગુસ્લ આપે છે.

(૪) ગુસ્લ આપનારની નિયત અલ્લાહની ખુશી માટેની હોવી જોઈએ. ગુસ્લ-કફન માટે પૈસા યા મજૂરી લેવી હરામ છે.

(૫) ગુસ્લ આપનાર મય્યત માટે દુઆ માગે, ઈસ્તિગફાર કરે, કલમએ શહાદત પઢે. મુસ્તહબ છે કે હર પળે **અફવક, અફવક** (તારી બક્ષિસ) કહે. સુન્નત છે કે મય્યતનું પાસુ ફેરવતી વખતે આ દુઆ પઢે.

**અલ્લાહુમ્મ હાઝા બદનો અબ્દેકલ મોઅમિને વ કદ અખ્રજત રૂહહુ વ ફર્રકત બયનહોમા ફ અફવક અફવક.**
(અય ખુદા, આ તારા મોમીન બંદાનું શરીર છે. તું તેની રૂહને બહાર નીકાળી અને તેના શરીરથી જુદી કરી. બસ, તારી બક્ષીસ, તારી બક્ષિસ ચાહું છું.)



https://downloadshiabooks.com/

(૬) મય્યતના પગ કિબ્લા રૂખ કરે. ગુસ્લ આપનાર મય્યતની જમણી બાજુએ ઊભા રહીને ગુસ્લ આપે.

(૭) મુસ્તહબ છે બે માણસો ગુસ્લ આપે એક પાણી રેડે, બીજો મય્યતને ફેરવે. ગુસ્લ બંધ ઓરડા યા બંધ જગામાં આપે. ખૂલ્લા આસમાનની નીચે ન આપે.

(૮) ગુસ્લનું પાણી પાક-સાફ અને મુબાહ હોવું જોઈએ એટલે કે નજીસ, મુઝાફ યા ગસ્બી ન હોવું જોઈએ. ગુસ્લની જગ્યા પણ પાક હોવી જોઈએ. પાણી હંમેશા માથાથી યા ખભાથી પગ તરફ અને બધી જ જગ્યાએ પહોંચે તેનો ખાસ ખ્યાલ રાખે. જરા સરખી પણ જગા કોરી રહી જશે તો ગુસ્લ બાતીલ ગણાશે.

(૯) મુસ્તહબ છે કે ગુસ્લ આપનાર દરેક ગુસ્લ પહેલાં વઝુ કરે યા તો કોણી સુધી હાથ ધૂએ.

(૧૦) મય્યતની શરમગાહ પર નજર કરવી હરામ છે. મય્યતની શરમગાહ પર કપડું ઢાંકેલુ રાખે. એક જ કપડું કાફી છે. દરેક ગુસ્લ વખતે પાક થતું જશે.

(૧૧) ગુસ્લ આપતી વખતે મય્યતને જરાપણ તકલીફ ન



મય્યતની શરમગાહ પર કપડુ ઢાંકી રાખે.



https://downloadshiabooks.com/

પહોંચવી જોઈએ. મય્યતને બહુ જ ઘસીને ધોવું જાએઝ નથી. **ગરમ પાણીથી ગુસ્લ આપવું મકરૂહ છે. મય્યતના નખ કાપવા, વાળ ઓળવા મકરૂહ છે.**

(૧૨) ગુસ્લ આપતી વખતે નાક, કાન અને મોંઢામાં રૂ રાખે, જેથી મય્યતના શરીરમાં પાણી ન જાય.

(૧૩) મય્યતને નજાસત લાગી હોય તો પહેલાં તેને દૂર કરે. ચાહે સાબુથી દૂર કરે યા પાણીથી.

(૧૪) જો મરનાર હજ અથવા ઉમરાહના એહરામમાં હોય તો તેને કપુરના પાણીથી ગુસ્લ આપવું હરામ છે. તેથી કપુરના પાણીના બદલે ખાલીસ પાણીથી ગુસ્લ આપે. એવી રીતે હુનુત આપવું પણ હરામ છે.

(૧૫) મય્યતના એબ જાહેર કરવા યા તેના વિષે કોઈ વાત કરવી એ મોટા ગુનાહોમાંથી છે. **ગુસ્લ આપનાર મય્યતના એબને છૂપાવશે તો, ખુદા તેના ગુનાહોને એવી રીતે ધોઈ નાખશે જાણે કે આજે જ જન્મ્યો હોય.**



**મય્યતના નાક-કાનમાં રૂ રાખે.**



https://downloadshiabooks.com/

# ગુસ્લ - કફન માટે જરૂરી ચીજવસ્તુંઓની યાદી

ગુસ્લ-કફન આપતાં પહેલાં નીચેની વસ્તુંઓ હાજર રાખે. જેથી ગુસ્લ દરમ્યાન કોઈ રૂકાવટ ઊભી ન થાય.

(૧) ડોલ



(૨) જગ



(૩) સાબુ



(૪) રૂ



(૫) કફન કાપવા માટે કાચનો ટૂકડો



(૬) માપ પટ્ટી



(૭) બોરડીના પાન





https://downloadshiabooks.com/

(૮) વાટેલું કપુર



(૯) કપડાનું પોતું



(૧૦) ગુસ્લના ટેબલ પરનું પાણી સાફ કરવા માટેનું કપડું



(૧૧) મોટો ટુવાલ



(૧૨) નાનો ટુવાલ



(૧૩) હાથે પહેરવાના મોજા યા કપડાની થેલી



(૧૪) શરમની જગ્યા સાફ કરવા માટે કપડાનો ટૂકડો



(૧૫) કફન



(૧૬) ખાકે શીફાનો પાવડર



(૧૭) ખજૂર યા દાડમ યા બોરડીની હાથ જેટલી લાંબી તાજી બે ડાળીઓ





https://downloadshiabooks.com/

# ગુસ્લે મય્યતના આદાબ

**મય્યતને ત્રણ ગુસ્લ આપવા વાજીબ છે.**

**(૧) બોરડીના પાનના પાણીથી (આબે સિદ્ર) (૨) કપૂરના પાણીથી (૩) ખાલીસ (ચોક્ખા) પાણીથી**

મય્યતને દરેક નજાસતથી પાક કર્યા બાદ ગુસ્લ આપતાં પહેલાં મય્યતને વઝુ કરાવવું સુન્નત છે.




નીચે જણાવેલ ક્રમ મુજબ એક પછી એક ત્રણ ગુસ્લ આપે.

**ગુસ્લની રીત બચ્ચોં કી તાલીમ સીરીઝ-૪, પાના નં. ૬૮-૬૯** માં બતાવેલ ગુસ્લના આદાબ મુજબ જ છે. ફેર એટલો છે કે ગુસ્લ આપનાર પોતે ગુસ્લે મય્યતની નિયત કરે અને રીત મુજબ મય્યતને ગુસ્લ આપે.



બોરડીના પાંદડાનું પાણી

(૧) પહેલા બોરડીના પાનના પાણીથી ગુસ્લ આપે. એટલે કે બોરડીના પાંદડાઓને પાણીમાં એટલું મસળે કે બોરડીના પાનની મહેંક આવે. આ મુજબ તૈયાર કરેલા પાણીથી મય્યતને ગુસ્લ આપે. નિયત કરે કે **બોરડીના પાનના પાણીથી આ મય્યતને ગુસ્લ આપું છું વાજીબ કુરબતન એલલ્લાહ.** નિયત બાદ પહેલાં માથા અને ગરદનને ધૂએ. ત્યારબાદ જમણો ભાગ ખભાથી પગ સુધી ધૂએ. પછી ડાબો ભાગ ખભાથી



બોરડીના પાનના પાણી થી ગુસ્લ આપે છે.



https://downloadshiabooks.com/



મય્યતનો જમણો ભાગ ધુએ છે.

પગ સુધી ધૂએ. શરમની જગા અને બંને તરફના પડખા ઊંચા કરી દરેક જગ્યા પર પાણી પહોંચાડે.

(૨) બીજું ગુસ્લ કપુરના પાણીથી આપે. કપુરનો ભૂકો કરી પોટલીમાં લઈ પાણીમાં કપુરની મહેંક આવે તેટલું હલાવે. આ કપુરના પાણીથી મય્યતને અગાઉની જેમ ગુસ્લ આપે. નિય્યત કરે કે, **કપુરના પાણીથી આ મય્યતને ગુસ્લ આપું છું વાજીબ કુરબતન એલલ્લાહ.**



કપૂરનું પાણી

બોરડીના પાન અને કપુર પાણીમાં ભેળવતી વખતે એટલું ધ્યાન રાખે કે પાણી મુઝાફ ન થઈ જાય. એટલે કે બોરડીના પાન અને



કપૂરના પાણીથી ગુસ્લ આપે છે.



https://downloadshiabooks.com/

કપુર વધારે પ્રમાણમાં ન ભેળવે કે કોઈ તેને પાણી ન કહે. યા એટલું ઓછું પણ ન ભેળવે કે તેમાંથી કોઈ મહેંક જ ન આવે અને એમ ન લાગે કે કંઈ નાંખ્યું જ નથી. બોરડીના પાન કે કપુર પુરતું ન મળી શકે તો જેટલું મળે તેનાથી ગુસ્લ આપે.

(૩) ત્રીજું ગુસ્લ ખાલીસ (ચોક્ખા) પાણીથી આપે.

નિયત કરે કે **ખાલીસ પાણીથી આ મય્યતને ગુસ્લ આપું છું વાજીબ કુરબતન એલલ્લાહ.** પછી અગાઉની જેમ ગુસ્લ આપે.

બોરડીના પાન યા કપુર ન મળી શકે તો તેના બદલે ખાલીસ પાણીથી ગુસ્લ આપે. જેમકે બોરડીના પાન ઉપલબ્ધ ન થાય તો તેના બદલે ખાલીસ પાણીથી ગુસ્લ આપતી વખતે આ રીતે નિયત કરે, **બોરડીના પાનના પાણીના બદલે ખાલીસ પાણીથી આ મય્યતને ગુસ્લ આપું છું વાજીબ કુરબતન એલ્લલાહ.**

એ જ રીતે કપુર ન મળી શકે તો તેના બદલે પણ ખાલીસ પાણીથી ગુસ્લ આપે.



ખાલીસ પાણીથી ગુસ્લ આપે છે.



https://downloadshiabooks.com/

મય્યતનો ડાબો
ભાગ ધૂએ છે.



બોરડીના પાન અને કપુર બંને ન જ મળી શકે તો એક પછી એક ત્રણેય ગુસ્લ ખાલીસ પાણીથી આપે.

યાદ રાખો ! ગુસ્લે મય્યતના જબીરા ગુસ્લનો હુકમ લાગુ પડતો નથી. તેથી જો પાણીનો ઉપયોગ કરી શકાતો ન હોય યા ગુસ્લ માટે પાણી મળી શકે તેમ ન હોય તો મય્યતને દરેક ગુસ્લના બદલે એક એક તયમ્મુમ આપે. તયમ્મુમ આપતી વખતે નિયત કરે કે, **બોરડીના પાનના પાણીના બદલે યા કપુરના પાણીના બદલે યા ખાલીસ પાણીના બદલે આ મય્યતને તયમ્મુમ આપું છું વાજીબ કુરબતન એલલ્લાહ.** ત્યાર બાદ પોતાની બંને હથેળીઓ ધૂળ પર મારે. પછી પોતાનો જમણો હાથ મય્યતના જમણી તરફના કપાળ પર રાખે. અને ડાબો હાથ મય્યતના ડાબા તરફના કપાળ પર રાખે. પછી કપાળથી લઈ નાકના ટેરવા સુધી હથેળીઓને ફેરવે. પછી ડાબા હાથની હથેળી જમણા હાથની પીઠ પર કાંડાથી લઈ આંગળીના ટેરવા સુધી ફેરવે. તે જ રીતે જમણા હાથની હથેળી ડાબા હાથની પીઠ પર ફેરવે. ત્યારબાદ બીજી વખત બંને હથેળીઓને ધૂળ પર મારે અને અગાઉની જેમ ફરી બંને હાથની પીઠ પર ફેરવે.

**તયમ્મુમની રીત બચ્ચોં કી તાલીમ સીરીઝ-૪ માં પાના નં. ૬૨ થી ૬૭ માં બતાવેલ છે.**



https://downloadshiabooks.com/

# ગુસ્લ અપાઈ ગયા બાદના આદાબ



ટુવાલથી મય્યતને સાફ અને સૂકી કરે છે.

ગુસ્લ અપાઈ ગયા બાદ મય્યતને તથા ટેબલને ટુવાલ યા કપડાથી સૂકું કરે. માથાના વાળ, આંખનાં પોપચાં, કાન, બગલ, પીઠ વગેરેનો ભાગ બહુ જ ધીરે ધીરે સાફ કરે. પડખાને ધીરેથી ઊંચું કરી વાંસા વગેરેના ભાગને સૂકો કરે. મય્યતને તકલીફ પહોંચે તેવું કોઈ કામ ન કરે. ઘસી ઘસીને મય્યતને સૂકું કરવું જાએઝ નથી. મય્યતની શરમગાહ પરનો ભીનો ટુવાલ કે કપડું ધીરેથી ખસેડી તેના પર સૂકો ટૂવાલ એવી રીતે નાખે કે શરમની જગા દેખાય નહિ. ત્યારબાદ હુનુત આપે.

# હુનુતના આદાબ

હુનુત માટેનું કપુર ગુસ્લ આપતાં પહેલાં તૈયાર રાખે. યા ગુસ્લ દરમ્યાન મંગાવીને રાખે. ત્રણેય ગુસ્લ આપ્યા પછી મય્યતને હુનુત આપવું વાજીબ છે. નિયત કરે કે **મય્યતને હુનુત આપું છું વાજીબ કુરબતન એલલ્લાહ.** ત્યારબાદ નમાઝના સજદા વખતે શરીરના જે સાત ભાગો જમીનને સ્પર્શે છે તે કપાળ, બંને હાથની હથેળીઓ, બંને પગના ગોઠણો અને પગના બંને અંગુઠાના ટેરવાં, ઉપર કપુર મસળે. નાક ઉપર કપુર મસળવું મુસ્તહબ છે. કપૂર બચે તો મય્યતની છાતી પર રાખે.



મય્યતને કપાળ પર હુનુત આપે છે.



જમણા હાથની હથેળી પર હુનુત આપે છે.



https://downloadshiabooks.com/

(૧) જરૂરી છે કે કપૂર તાજું હોય, સુગંધ વગરનું જુનું કપુર નહિ ચાલે. કપુર લગાવતાં પહેલાં એનો ભૂકો કરવામાં આવે.

(૨) સૌ પ્રથમ કપાળ પર કપુર મસળે. ત્યારબાદ બાકીના અવયવો પર મસળે.

(૩) કફન પહેરાવ્યા પહેલાં હુનુત આપવામાં આવે. આમ છતાં કફન પહેરાવ્યા બાદ હુનુત આપે તો કોઈ વાંધો નથી.

(૪) જો મરનાર હજ અથવા ઉમરાહના એહરામમાં હોય તો તેને હુનુત આપવું જાએઝ નથી.

(૫) મુસ્તહબ છે કે અત્તર યા અન્ય કોઈ પણ પ્રકારની ખુશ્બુ મય્યતને લગાડવામાં ન આવે. કપુરમાં પણ કોઈપણ ખુશ્બુ ભેળવવામાં ન આવે.

(૬) મુસ્તહબ છે કે કપુરમાં થોડીક સય્યદુશ્શોહદા અ.સ.ની કબરની માટી (ખાકે શીફા) ભેળવવામાં આવે. એટલા પ્રમાણમાં ન ભેળવવી કે કપુરની અસલીયત બાકી ન રહે. ખાકે શીફાની બેહુરમતી થાય તેવી જગ્યાએ ન લગાવવામાં આવે.

(૭) અગર કપુર ન મળી શકે યા ગુસ્લ પુરતું જ હોય તો હુનુત વાજીબ નથી. જો થોડુંક કપુર હોય તો પહેલાં કપાળ પર મસળવામાં આવે ત્યારબાદ બચે તો બીજા ભાગો પર મસળવામાં આવે.


ડાબા હાથની હથેળી પર હુનુત આપે છે.


જમણા પગના ગોઠણ પર હુનુત આપે છે.


ડાબા પગના ગોઠણ પર હુનુત આપે છે.


પગના અંગુઠાના ટેરવા પર હુનુત આપે છે.



https://downloadshiabooks.com/

# ગુસ્લે મસે મય્યતના અહેકામ

(૧) મય્યતનું શરીર ઠંડુ થઈ ગયા બાદ અને ગુસ્લ આપ્યા પહેલાં પોતાના શરીરનો કોઈ પણ ભાગ જાણી જોઈને યા અજાણતાં મય્યતને અડે તો પોતાના પર ગુસ્લે મસે મય્યત વાજીબ થાય છે. એટલે સુધી કે પોતાના નખ અને હાડકાં મય્યતના નખ કે હાડકાને સ્પર્શે તો પણ ગુસ્લ વાજીબ થશે.

(૨) કોઈ માણસ અનેક મય્યતોને અડે યા એક મય્યતને અનેક વાર અડે તો એ સર્વે માટે એક જ ગુસ્લ વાજીબ થશે.

(૩) બાળકની મય્યતને યા કસુવાવડ જન્મેલ બચ્ચાને અડવાથી ગુસ્લે મસે મય્યત વાજીબ થશે.

(૪) મરી ગયેલ પણ શરીર ઠંડુ થઈ ગયેલ બચ્ચું જન્મે તો, તેની મા પર ગુસ્લે મસે મય્યત વાજીબ થશે.

(૫) માના ગુજરી જવા બાદ શરીર ઠંડુ થયા પછી બાળક જન્મે તો, વાજીબ છે કે બાળક બાલિગ થાય ત્યારે ગુસ્લે મસે મય્યત બજાવી લાવે.

(૬) ત્રણ ગુસ્લો અપાઈ ગયા બાદ કોઈ અડે તો ગુસ્લ મસે મય્યત વાજીબ નહિ થાય. પરંતુ ત્રીજું ગુસ્લ પુરૂં થવા



https://downloadshiabooks.com/

પહેલાં ધોવાઈ ગયેલા ભાગને અડશે તો પણ ગુસ્લ મસે મય્યત વાજીબ થશે.

(૭) મુડદા જાનવરને અડવાથી ગુસ્લ વાજીબ થતું નથી.

(૮) પોતાના વાળ મય્યતને સ્પર્શે યા મય્યતના વાળ પોતાને સ્પર્શે તો ગુસ્લ વાજીબ નહિ થાય.

(૯) જે દાંત યા હાડકું મય્યતથી અલગ પડી ગયેલ હોય તેને ગુસ્લ અપાયું ન હોય છતાં એ દાંત યા હાડકાને અડે તો ગુસ્લ મસે મય્યત વાજીબ નહિ થાય.

(૧૦) ગુસ્લ કરવાની રીત દરેક ગુસ્લો માટે એક સરખી છે. માત્ર નિયત ફેર છે.

(૧૧) ગુસ્લે મસે મય્યત કરનાર નમાઝ પઢવા ચાહે તો મુસ્તહબ છે કે વઝુ પણ કરે.

(૧૨) ગુસ્લે મસે મય્યત ન કર્યું હોય તેના માટે મસ્જીદમાં થોભવું યા વાજીબ સજદાવાળી આયતોની તિલાવત કરવામાં કોઈ વાંધો નથી. પરંતુ નમાઝ વગેરે માટે જરૂરી છે કે ગુસ્લ કરે.



મય્યતને ગુસ્લ આપે છે.



https://downloadshiabooks.com/

# કફન આપવાનો તથા કબર ખોદવાનો સવાબ

**હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,**

અગર કોઈ માણસ કોઈ મોમીનને કફન આપે તો તેને એટલો સવાબ મળશે કે જાણે કયામતના દિવસ સુધી તેના પોષાકની જવાબદારી લીધી. અગર કોઈ માણસ કોઈ મોમીનની કબર ખોદે તો એટલો સવાબ મળશે કે જાણે કે મરહુમને કયામતના દિવસ સુધી તેનું મનપસંદ મકાન તેને આપી દીધું હોય.

મય્યતના ગુસ્લ-કફન-દફનની ક્રિયા માટે ઉતાવળ કરવાનો હુકમ છે. તેથી થોડાક માણસો ગુસ્લ આપવામાં મદદ કરે. થોડાક કફનની તૈયારી કરે. અને કેટલાક માણસો કબર ખોદવામાં મદદરૂપ થાય. જેથી ગુસ્લ-કફન-દફનની તમામ ક્રિયાઓ ઝડપથી પુરી થઈ શકે.






https://downloadshiabooks.com/

# કફનના આદાબ

## કફન આપવાના અહેકામ

**મય્યતના કફન માટે નીચેની બાબતોને ધ્યાનમાં લેવામાં આવે.**

(૧) મુસ્તહબ છે કે ઈન્સાન પોતાની હયાતિમાં જ **પોતાનું કફન, બોરડીના પાન** અને **કપુર** તૈયાર રાખે. પોતાનું કફન પોતાની નજર સામે રાખે.

**હ. રસુલેખુદા સ. ની હદીસ છે કે, જેઓ પોતાનું કફન તૈયાર રાખશે તેઓ મોતને યાદ કરવાવાળાઓમાં ગણાશે.**

(૨) કફન કિંમતી, સુતરાઉ અને જરૂરતથી થોડુંક વધારે રાખવામાં આવે. એહતિયાતે વાજીબ છે કે, મય્યતનું કફન એટલું ઓછું ન હોય યા એટલું બારીક ન હોય કે જેથી મય્યતનું શરીર દેખાય.

(૩) મુસ્તહબ છે કે કફનનું કપડું સફેદ હોય. તદન રેશમનું કે સોનાના તારોથી વણેલું કફન જાએઝ નથી. મરેલા જાનવરના ચામડાનું કફન પણ જાએઝ નથી. બહેતર છે કે **ઊન** યા **વાળ**નું બનેલું ન હોય. કંતાનનું બનેલું કફન મકરૂહ છે.

(૪) ખાસ મજબૂરી સિવાય મય્યત માટે નજીસ ચીજવસ્તું, ચોખ્ખું રેશમ, સોનાના તાર કે ઊનવાળું કપડું જાએઝ નથી. હલાલ જાનવરના ચામડાનું કફન પણ જાએઝ નથી.



તૈયાર કફન



https://downloadshiabooks.com/

(૫) મય્યતનું કફન નજીસ કે ગસ્બી ન હોવું જોઈએ. એટલે કે પાક અને હલાલ હોવું જોઈએ. પોતાની માલીકીનું ન હોય, યા રજા વગરનું હોય યા કરજવાળું હોય યા ચોરેલું હોય યા ખુમ્સ કાઢ્યા વિનાનું હોય તો તેવું કફન જાએઝ નથી. અગર ગસ્બી કફન સાથે મય્યતને દફન કરવામાં આવેલ હોય તો કફન શરીર પરથી ઉતારી દેવામાં આવે. કફન વગર દફન કરવામાં આવે અથવા મય્યતના પોતાના કપડામાં દફન કરવામાં આવે.

(૬) મુસ્તહબ છે કે મય્યતને એ પહેરણ પહેરાવવામાં આવે જે પોતે નમાઝમાં પહેરતો હોય યા તે કપડા જે તેણે હજ-ઉમરાહમાં પહેર્યા હોય.

(૭) મય્યતના પહેરણમાં બાંય રાખવી મકરૂહ છે. માટે બાંય વગરનું પહેરણ રાખે, જો મય્યતનું પોતાનું બાંયવાળુ પહેરણ હોય તો વાંધો નથી.

(૮) અગર કફનને સીવવાની જરૂર હોય તો દોરો કફનમાંથી કાઢવો સુન્નત છે. કફનને લોઢાથી કાપવું મકરૂહ છે. તેથી કફન કાપવા માટે **લોઢાની કાતર કે ચાકૂનો** ઉપયોગ ન કરે.



**મય્યતના કફનને કાચથી કાપે છે.**



https://downloadshiabooks.com/

(૯) કફન નજીસ થઈ જાય તો નજીસ કફન પાક કરે યા કાપી નાખે. અગર મય્યતને કફનમાં ઉતારી લીધા બાદ પણ કફનમાં નજાસત દેખાય તો પાક કરવું યા બદલવું જરૂરી છે.

(૧૦) મુસ્તહબ છે કે પાઘડી, પહેરણ અને ચાદર ઉપર **શહાદતૈન** અને **બાર ઈમામોના ઈમામતનું ઈકરારનામું** ખાકે શીફા (તુર્બતે ઈમામે હુસૈન અ.)થી લખે.

(૧૧) મુસ્તહબ છે કે ગુસ્લ દેવાવાળો મય્યતને કફન પહેરાવે તે પહેલાં ગુસ્લે મસે મય્યત કરે. યા વઝુ કરે. અગર શક્ય ન હોય તો બંને હાથોને કાંડા સુધી ત્રણ વખત ધોઈ મય્યતને કફન પહેરાવે. બહેતર છે કે જે માણસ ગુસ્લે મય્યત ન આપેલ હોય અને પાક સાફ હોય તે મય્યતને કફન પહેરાવે.

(૧૨) જેટલું કફન વાજીબ છે તે ઉપરાંત સુન્નત કફન અંગે મરનારના વસિયતનામામાં લખેલું ન હોય તો સુન્નત કફન માટે વારિસોની રજા લેવી જરૂરી છે. મરવા પછી વારસદારનો માલ થઈ જાય છે. વારસોની રજા વગર સુન્નત કફન લેશે તો ગસ્બી કહેવાશે.

(૧૩) મુસ્તહબ છે કે મય્યતને કફન આપ્યા પછી હિબ્રએ યમની ચાદર જે યમનથી આવે છે તેમાં લપેટે.

(૧૪) **પત્નીનું કફન પોતાના પતિ પર વાજીબ છે. માતા-પિતા કે સગાવહાલાઓ પર વાજીબ નથી.**



શહાદત નામું



https://downloadshiabooks.com/

# પુરૂષ / સ્ત્રીની મય્યત માટે વાજીબ કફન

મય્યતને ગુસ્લ અને હુનુત આપ્યા બાદ વાજીબ છે કે કફન પહેરાવવામાં આવે.

પુરૂષ યા સ્ત્રીની મય્યતના કફનમાં ત્રણ કપડા વાજીબ છે.

**(૧) લુંગી (૨) પહેરણ (ખમીસ) (૩) ચાદર**

## (૧) લુંગી :

વાજીબ લુંગી ડૂંટીથી લઈને ઘુંટણ સુધીના બધા ભાગને ઢાંકે તેટલી રાખવામાં આવે. મુસ્તહબ છે કે છાતીથી લઈને પગ સુધી પહોંચે તેટલી રાખે.



વાજીબ લુંગી



મુસ્તહબ લુંગી



https://downloadshiabooks.com/

**(૨) પહેરણ (ખમીસ) :**

વાજીબ પહેરણ ખભ્ભાથી લઈ પીંડલી (પગના અડધા ભાગ) સુધીના બધા ભાગને ઢાંકે તેટલું રાખે. મુસ્તહબ છે કે પગના કાંડાના ઉપરના ભાગ સુધી પહોંચે તેટલું રાખવામાં આવે.



વાજીબ પહેરણ



મુસ્તહબ પહેરણ

**(૩) ચાદર :**

વાજીબ ચાદર એટલી લાંબી રાખે કે આખા શરીરને લપેટીને ઢાંકી શકાય : મુસ્તહબ છે કે ચાદર માથાથી પગ સુધી એટલી લાંબી રાખવામાં આવે કે માથા અને પગ બંને તરફ બાંધી શકાય અને



https://downloadshiabooks.com/

પહોળાઈ એટલી હોય કે ચાદરની એક બાજુ આખા શરીર પર નાંખવામાં આવે અને બીજી બાજુ તેના ઉપર અંશતઃ ઢાંકી શકાય.



વાજીબ ચાદર



મુસ્તહબ ચાદર



https://downloadshiabooks.com/

# પુરૂષની મય્યત માટે મુસ્તહબ કફન

પુરૂષની મય્યતના કફનના ત્રણ કપડા મુસ્તહબ છે.

**(૧) પાઘડી (૨) લંગોટ (૩) મુસ્તહબ ચાદર**



પાઘડી



લંગોટ

**(૧) પાઘડી :** મુસ્તહબ છે કે પુરૂષના કફનમાં પાઘડી હોય. પાઘડી એટલી લાંબી હોય કે તહતુલ હનક (ગળામાં લપેટી બંને છેડા છાતી પર) રાખી શકાય. પાઘડીની પહોળાઈ પણ માફકસરની હોય.



પાઘડી

**(૨) લંગોટ :** લંગોટ જેને **રાન પેચ** પણ કહે છે. લંગોટનું માપ એટલું હોય કે કમર સાથે શરમગાહ અને બંને પગોની રાનોને છૂપાવી શકાય. વાજીબ લુંગી જેટલી લંબાઈ પહોળાઈ રાખી શકાય. એટલે કે કમરને વીંટી શકાય તેટલી પહોળાઈ અને કમરથી પગ સુધીની લંબાઈ હોવી જોઈએ.



તૈયાર કરેલ લંગોટ

**(૩) મુસ્તહબ ચાદર :** વાજીબ ચાદર કરતાં મુસ્તહબ ચાદરની લંબાઈ થોડીક વધારે રાખે. જેથી માથા અને પગ તરફના બંને છેડાઓને સારી રીતે બાંધી શકાય.



મુસ્તહબ ચાદર



https://downloadshiabooks.com/

# સ્ત્રીની મય્યત માટે મુસ્તહબ કફન

**સ્ત્રીની મય્યતના કફનના ચાર કપડા મુસ્તહબ છે.**

**(૧) રૂમાલી (૨) સીનાબંધ (૩) લંગોટ (૪) મુસ્તહબ ચાદર**



રૂમાલી / સ્કાર્ફ



સીનાબંધ

**(૧) રૂમાલી :** જેને **મકના કે સ્કાર્ફ** પણ કહે છે. સ્ત્રીના માથાના વાળ ઢાંકવા માટે રૂમાલી બાંધવામાં આવે છે.




**(૨) સીનાબંધ :** જેને **છાતીબંધ** પણ કહે છે. મય્યતની પૂરી છાતીને લપેટીને ગાંઠ મારી શકાય તેટલો લાંબો પહોળો હોવો જોઈએ.

**(૩) લંગોટ :** પુરૂષના લંગોટમાં જણાવ્યા મુજબ સ્ત્રીનો લંગોટ તૈયાર કરવામાં આવે.

**(૪) મુસ્તહબ ચાદર :** વાજીબ ચાદર કરતાં મુસ્તહબ ચાદરની લંબાઈ થોડીક વધારે રાખવી. જેથી માથા અને પગ તરફના બંને છેડાઓને સારી રીતે બાંધી શકાય.



https://downloadshiabooks.com/

નોંધ : મય્યતને કબરમાં ઉતારતી વખતે ઉપયોગી થાય તેવા ત્રણ પટ્ટા કફનમાંથી તૈયાર કરે. જેમાંથી એક મય્યતના માથા તરફ અને બીજો પગની તરફ બાંધવા માટે ઉપયોગી થાય. ત્રીજો પટ્ટો કમરની નીચે બાંધવા માટે તેનાથી મોટો રાખે. આ પટ્ટા કફન પહેરાવી લીધા બાદ ચાદર ઉપર બાંધવામાં આવે છે.




# લીલી ડાળીઓ

કફન પહેરાવતી વખતે ખજૂરની બે લીલી ડાળીઓ મય્યતની સાથે રાખવી મુસ્તહબ છે. માઅસુમીન અ.સ.નું કથન છે કે, **જ્યાં સુધી ડાળીઓ લીલી રહેશે, અલ્લાહની રહેમત નાઝીલ થતી રહેશે અને કબ્રની ભીંસ (ફિશારે કબ્ર) થી બચી જશે.** પયગમ્બર સ.અ.વ.એ ફરમાવ્યું છે કે, **જ્યાં સુધી એક ડાળી તાજી રહેશે ત્યાં સુધી ખુદાવંદે કરીમ અઝાબ નહિ કરે.** ખજૂરની ડાળીઓ ન મળી શકે તો બોરડી યા દાડમ યા નેતરની ડાળીઓ રાખે. તે પણ ન મળી શકે તો કોઈપણ ઝાડની લીલી બે ડાળીઓ રાખે. દરેક ડાળી એક હાથ જેટલી લાંબી હોય. એ માપની ન મળે તો ઓછામાં ઓછી એક વેંત લંબાઈની હોય. તેનો એક છેડો અંગ્રેજીના વાય અક્ષરની જેમ હોય. ડાળીઓ પર આંગળીથી **કલમએ શહાદતૈન, માઅસુમીન અ.સ.ના નામ** અને **લાએલાહ ઈલ્લલાહ** તથા **મય્યતનું નામ** લખે તો બહેતર છે. ડાળીઓ પર રૂ યા કાપડ લપેટવામાં આવે.






https://downloadshiabooks.com/

# કફનની ગોઠવણી અંગે માર્ગદર્શન

**અગાઉ જણાવ્યા મુજબના કફનને નીચે મુજબ ગોઠવણી કરી તૈયાર રાખે.**

(૧) સૌ પ્રથમ નાનો પટ્ટો માથા પાસે, બીજો નાનો પટ્ટો પગ પાસે પાથરે. મોટો પટ્ટો વચ્ચે કમરની જગ્યાએ પાથરે.



ત્રણ પટ્ટા

(૨) તેના ઉપર મુસ્તહબ ચાદર પાથરે.


મુસ્તહબ ચાદર



https://downloadshiabooks.com/

(૩) મુસ્તહબ ચાદરની ઉપર વાજીબ ચાદર પાથરે.




(૪) વાજીબ ચાદર પર માથાની જગાએ પાઘડી / રૂમાલી તથા શહાદત નામું, ખાકેશીફા, દુઆએ નૂર, અકીક વગેરે રાખે.




(૫) તેના પર પહેરણનો નીચેનો ભાગ પાથરે. ઉપરના ભાગને એવી રીતે વાળીને રાખે કે તેમાં માથું દાખલ કરી શકાય.






https://downloadshiabooks.com/

(૬) પહેરણ ઉપર છાતીની જગ્યાએ (સ્ત્રીની મય્યત માટે) સીનાબંધ રાખે.




(૭) પહેરણ ઉપર લુંગી પાથરે.






https://downloadshiabooks.com/

(૮) લુંગી પર લંગોટ પાથરે. લંગોટના ચીરાવાળા છેડાઓને પગ તરફ રાખે.




(૯) કાપડના ટૂકડામાં રાખવામાં આવેલ રૂ તથા કપુર કફનમાં રાખે.




ઉપર મુજબ કફનની ગોઠવણી કરી તેમાં ઝાડની બે લીલી ડાળીઓ રાખી કફન વાળીને ત્રણ પટ્ટાથી બાંધે. ત્યાર બાદ મય્યતને ગુસ્લ આપતા હોય તેઓને મોકલી આપે.

નોંધ : હુનુતનું કપુર ગુસ્લ આપવાવાળાઓને પહેલેથી મોકલી આપવું. જેથી ગુસ્લ બાદ તરત જ હુનુત આપે.



https://downloadshiabooks.com/

# કફનના માપ માટે જરૂરી માર્ગદર્શન

નોંધ : અહીં વિવિધ કદની લંબાઈ ધરાવતી મય્યત માટે કફનના માપ વિષે સમજાવવામાં આવ્યું છે. મય્યત બાળક, યુવાન, પ્રૌઢની હોય યા અતિશય જાડી, પાતળી હોય તો તે મુજબ માપમાં વધારો-ઘટાડો કરવામાં આવે. જણાવેલ પનામાં કાપડ ના મળે તો કોઈપણ પનામાં કાપડ લઈ કાપી-સાંધીને વધ-ઘટ કરી શકાય.

| કફનની વિગત | 30" (75 cm) સુધીની લંબાઈની મૈયત માટે | 30" (75 cm)થી 54" (110 cm) લંબાઈની મૈયત માટે | 54" (110 cm)થી વધુ લંબાઈની મૈયત માટે |
|---|---|---|---|
| સ્ત્રી-પુરૂષ માટે લુંગી | 60 cm x 90 cm<br>24" x 36" | 100cm x 135cm<br>40" x 54" | 135cm x 150cm<br>54" x 60" |
| સ્ત્રી-પુરૂષ માટે પહેરણ | 160cm x 60cm<br>64" x 24" | 225cm x 75cm<br>90" x 30" | 275cm x 90cm<br>110" x 36" |
| સ્ત્રી-પુરૂષ માટે ચાદર (વાજીબ) | 150cm x 90cm<br>60" x 36" | 150cm x 135cm<br>60" x 54" | 225cm x 150cm<br>90" x 60" |
| પુરૂષ માટે પાઘડી | 15 cm x 90 cm<br>6" x 36" | 20 cm x 135cm<br>8" x 54" | 25 cm x 150cm<br>10" x 60" |



ગોઠવણી કરેલ કફનના બંને છેડે પટ્ટા બાંધે છે.



https://downloadshiabooks.com/

| | | | |
|---|---|---|---|
| સ્ત્રી માટે રૂમાલી/સ્કાર્ફ | 25 cm x 90 cm<br>10" x 36" | 40cm x 135cm<br>16" x 54" | 40cm x 150cm<br>16" x 60" |
| સ્ત્રી માટે સીના બંધ | 25 cm x 90 cm<br>10" x 36" | 30 cm x 135cm<br>12" x 54" | 40 cm x 150cm<br>16" x 60" |
| સ્ત્રી-પુરૂષ માટે લંગોટ | 90 cm x 50 cm<br>36" x 20" | 135cm x 75cm<br>54" x 30" | 150cm x 100cm<br>60" x 40" |
| સ્ત્રી-પુરૂષ માટે ચાદર (મુસ્તહબ) | 110cm x 90cm<br>44" x 36" | 200cm x 135cm<br>80" x 54" | 275cm x 150cm<br>110" x 60" |
| સ્ત્રી-પુરૂષ માટે વધારાનું કફન | 100cm x 90cm<br>40" x 36" | 150cm x 135cm<br>60" x 54" | 200cm x 150cm<br>80" x 60" |
| સ્ત્રી-પુરૂષ માટે કુલ જરૂરી કફન | 700cm x 90cm<br>280" x 36"<br>(36"ના પનાનું 7 મીટર) | 1000cm x 135cm<br>400" x 54"<br>(54"ના પનાનું 10 મીટર) | 1300cm x 150cm<br>520" x 60"<br>(60"ના પનાનું 13 મીટર) |

નોંધ : ઉપર જણાવેલ કફનમાં વધારાના કફનમાંથી શરમગાહ પર રાખવા માટે, હાથની થેલી માટે - મય્યતને કબરમાં ઉતારતી વખતે જરૂરી પટ્ટા માટે તથા પરચુરણ કામકાજ માટે ઉપયોગમાં લેવું.

ગોઠવણી કરીને તૈયાર કરેલ કફન



ગોઠવણી કરેલ કફનની વચ્ચેના ભાગે પટ્ટો બાંધે છે.





https://downloadshiabooks.com/

# કફન પહેરાવવાના આદાબ

ગોઠવણી કરીને તૈયાર કરવામાં આવેલ કફનને ધીરેથી ખોલીને તે જ મુજબ પાથરે. તેના પર મય્યતને સૂવરાવે. પછી નિયત કરે કે **મય્યતને કફન પહેરાવું છું વાજીબ કુરબતન એલલ્લાહ.**



તૈયાર કરેલ કફન ખોલીને મય્યતને તેની પર સૂવડાવેલ છે.

નિયત બાદ સૌ પ્રથમ લંગોટ બાંધે. મુસ્તહબ છે કે તે પહેલાં કપડાના ટૂકડામાં સારૂં એવું રૂ અને કપુર લઈ શરમની જગાએ એવી રીતે રાખે કે નજાસત બહાર ન નીકળવા પામે.



(૧) વચ્ચેના ચીરાને બંને પગના વચ્ચે થઈને છાતી પર રાખે.



(૨) ઉપરના છેડાઓને લુંગીની જેમ એકબીજા પર નાંખે



(૩) જમણા સાથળને વિંટાળવામાં આવે.



(૪) ડાબા સાથળને વિંટાળવામાં આવે.



https://downloadshiabooks.com/

લંગોટ બાંધતી વખતે પહેલા વચ્ચેના ચીરાને બંને પગના વચ્ચે થઈને છાતી પર રાખે. ત્યારબાદ ઉપર તરફના બંને છેડાઓને લુંગીની જેમ ડૂંટી પર લપેટે. પછી જમણી તરફના ચીરાને જમણા સાથળ પર વીંટાળવામાં આવે અને ડાબી તરફના ચીરાને ડાબા સાથળ પર વીંટાળવામાં આવે.



તૈયાર કરેલ લંગોટની સ્થિતિ

ત્યાર પછી લુંગીની એક બાજુને મય્યત પર એવી રીતે નાંખે કે છાતીથી પગ સુધી મય્યત પૂરેપુરી ઢંકાઈ જાય. તેના ઉપર લુંગીની બીજી બાજું નાખે.



મય્યત પર લુંગી ઢાંકે છે.

મય્યત સ્ત્રીની હોય તો લુંગી બાંધ્યા બાદ સીનાબંધથી છાતીને એવી રીતે બાંધે કે આખી છાતી તેમાં આવી જાય. બંને છેડાઓને પીઠની તરફ ગાંઠ મારીને બાંધે. જો સ્ત્રીના કફનમાં સીનાબંધ ન હોય તો લુંગીને પેટ પરથી બાંધવાને બદલે છાતીથી યા બગલ નીચેથી બાંધે.



સ્ત્રીની મય્યતને સીનાબંધ બાંધે છે.



https://downloadshiabooks.com/



મય્યતને પહેરણ પહેરાવે છે.



પહેરણ પહેરાવેલ મય્યત

ત્યારબાદ પહેરણના ઉપરના ભાગને માથામાંથી પરોવી પગના ઉપલા ભાગ સુધી લઈ જવામાં આવે.

ત્યારબાદ કપડામાં લપેટીને તૈયાર કરવામાં આવેલ એક ડાળીને મય્યતના જમણા બગલ નીચે શરીરને સ્પર્શ થાય તે રીતે શરીર અને પહેરણની વચ્ચે રાખવામાં આવે.



જમણા બગલ નીચે લીલી ડાળી મૂકે છે.



ડાબા બગલ નીચે લીલી ડાળી મૂકે છે.

ત્યારબાદ બીજી ડાળી ડાબા હાથના બગલની નીચે પહેરણ અને ચાદરની વચ્ચે રાખે.

ત્યારબાદ પુરૂષની મય્યત હોય તો મય્યતના માથે પાઘડી અમામાની જેમ વીંટે. તેના બંને છેડા (તહતુલ હનક) ગળાને ફરતે રાખીને છાતી ઉપર રાખે. જો મય્યત સ્ત્રીની હોય તો મય્યતના માથાના વાળ દેખાય નહિ તે રીતે માથે રૂમાલી / સ્કાર્ફ બાંધે.



અમામો બાંધે છે.



https://downloadshiabooks.com/

દુઆઓ લખેલી હોય તે કરબલાના કફનને લપેટીને માથાની બાજુમાં રાખે. સારૂં એ છે કે પ્લાસ્ટીકની થેલીમાં રાખે. જેથી નજીસ કે બેઅદબી ન થાય. જો મળી શકે તો **દુઆએ નૂર** જમણા હાથમાં પ્લાસ્ટીકમાં વીંટીને રાખે. મુસ્તહબ છે કે **અકીક** જીભ નીચે રાખે.

વાજીબ ચાદરથી મય્યતને ઢાંકે છે.



ત્યારબાદ વાજીબ ચાદરથી મય્યતને ઢાંકી દે. એટલેકે પહેલા ડાબી તરફના છેડાને મય્યત ઉપર એવી રીતે નાંખે કે આખુ શરીર ઢંકાઈ જાય. ત્યારબાદ જમણી તરફનો ભાગ તેના ઉપર નાંખે.



મય્યત પર મુસ્તહબ ચાદર ઢાંકે છે.

ત્યારબાદ વાજીબ ચાદરની જેમ સુન્નત ચાદરથી મય્યતને બરાબર ઢાંકી દે. ત્યારબાદ મય્યતના માથાના ઉપરના ભાગમાં એક પટ્ટો બાંધે. બીજો પટ્ટો પગ પાસે બાંધે અને ત્રીજો મોટો પટ્ટો વચ્ચે કમર પર બાંધે.



માથાના ભાગ તરફ પટ્ટો બાંધે છે.



પગના ભાગ તરફ પટ્ટો બાંધે છે.



વચ્ચે કમરમાં પટ્ટો બાંધે છે.



https://downloadshiabooks.com/

# કફન પહેરાવ્યા બાદના આદાબ

કફન પહેરાવ્યા બાદ મુસ્તહબ છે કે,
**સુરએ યાસીન** (૨૨મો પારો),
**સુરએ અર રહમાન** (૨૭મો પારો) અને
**સુરએ મુલ્ક** (૨૭મો પારો) પઢે.
**સુરએ ફાતેહા** પઢે. ઉતાવળ હોય તો આ સુરાઓ પઢવા વાજીબ નથી. દિલાસો આપવા એકઠા થયા હોય તેઓ મય્યતના માટે વધુમાં વધુ **ઈસ્તિગ્ફાર** કરે.

કફન પહેરાવ્યા બાદ મય્યતને જનાઝામાં સીધી સૂવરાવવામાં આવે. એટલે કે માથું આગળ હોય અને પગ પાછળ હોય. મય્યતને ઘરમાંથી ઉઠાવતાં પહેલાં **સદકો** આપે.



કફન સાથેની મય્યતને જનાઝામાં સૂવડાવે છે



https://downloadshiabooks.com/

# જનાઝા સાથે ચાલવાનો સવાબ

મર્યા પછી ઈન્સાન એટલો મોહતાજ થઈ જાય છે કે, તેને કબ્રસ્તાનમાં લઈ જઈ દફન કરે. તેમાં ગફલત ન કરે. ઈસ્લામમાં જનાઝાને કાંધો આપવો સુન્નત છે. જનાઝામાં સામેલ થવાવાળા માટે પુષ્કળ સવાબ છે. તેથી મોમીનો આ કામમાં આળસ ન કરે.

**સુન્નત છે કે જનાઝાની સાથે ચાલવામાં આવે. જનાઝાની સાથે ચાલવાથી તેના સગાવહાલાઓને દિલાસો મળે છે. આપસમાં મોહબ્બત અને એકતામાં વધારો થાય છે.**

**ઈમામો જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**



(૧) કોઈનો ઈન્તેકાલ થાય તો બિરાદરે મોમીનને જાણ કરે, જેથી તેઓ જનાઝાની સાથે જાય અને મય્યત માટે નમાઝ પઢી બક્ષીસની દુઆ કરે. મય્યતને સવાબ પહોંચાડવાની સાથે સાથે પોતે પણ સવાબ મેળવે. મય્યતને કાંધો આપવો અને તેની સાથે ચાલવું સુન્નત છે.

(૨) જે કોઈ જનાઝામાં શરીક થાય અને તેને કબ્ર સુધી ઉતારે તો ખુદાવંદ સીત્તેર હજાર ફરિશ્તાઓને તેની સાથે રાખશે. જેઓ તેના કબ્રથી બહાર આવવા સુધી ઈસ્તિગફાર કરશે. જે કોઈ જનાઝામાં શરીક થાય તો તેના પચ્ચીસ ગુનાહે કબીરા બક્ષી દેવામાં આવશે.



https://downloadshiabooks.com/

## હ. રસુલે ખુદા સ. થી નકલ છે કે,

જે કોઈ માણસ જનાઝા સાથે ચાલશે, તેના દરેક કદમ પર લાખ લાખ નેકીઓ લખાશે, લાખ લાખ ગુનાહો ભૂંસી દેવામાં આવશે, બેહિશ્તમાં લાખ લાખ દરજ્જા વધારવામાં આવશે. અગર જનાઝા પર નમાઝ પઢશે, તો ખુદાતઆલા તેના મૃત્યુ બાદ એક લાખ ફરિશ્તા તેની જનાઝાની નમાઝ પઢવા મોકલશે જેઓ દફન સુધી ઈસ્તિગ્ફાર કરશે. જો તે માણસ દફન ક્રિયા પતે ત્યાં સુધી હાજર રહેશે, તો એ જ ફરિશ્તાઓ કયામતના દિવસે કબરમાંથી સજીવન થવા સુધી તેના માટે ઈસ્તિગ્ફાર કરતા રહેશે.



જનાઝાને કાંધો
આપેલ છે.



https://downloadshiabooks.com/

# જનાઝા સાથે ચાલવાના આદાબ

જનાઝાની સાથે ચાલનાર માટે જોઈએ કે એક બીજાની મદદ કરે. જનાઝાને ચારે તરફથી ઉઠાવે. **જે માણસ જનાઝાને ચારે તરફથી ઉઠાવે છે તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે તે હમણાં જ માના પેટમાંથી જન્મ્યો હોય.**

બહતેર છે કે (૧) સૌ પહેલાં મય્યતના જમણા હાથ તરફનો ભાગ પોતાના જમણા કાંધા પર ઉઠાવે. ત્યાર પછી (૨) મય્યતના જમણા પગ તરફનો ભાગ પોતાના જમણા કાંધા પર ઉઠાવે. ત્યાર પછી (૩) મય્યતના ડાબા પગ તરફનો ભાગ પોતાના ડાબા કાંધા પર ઉઠાવે. છેલ્લે (૪) મય્યતના ડાબા હાથ તરફનો ભાગ પોતાના ડાબા કાંધા પર ઉઠાવે. આ ક્રમ મુજબ શક્ય તેટલી વધુ વખત કાંધો આપે.




જનાઝાને કાંધો આપવાની રીત



https://downloadshiabooks.com/

જનાઝાને ઉઠાવતી વખતે અને કાંધો આપતી વખતે આ મુજબ પડે.

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે અલ્લાહુમ્મ સ્વલ્લે અલા મોહંમદિંવ વ આલે મોહંમદ, વગ્ફિર લિલ મોઅમેનીન વલ મોમેનાત.** (ખુદાના નામથી અને ખુદા(ની મદદ) થી, અય ખુદા મોહંમદ સ. અને આલે મોહંમદ સ. પર રહેમત મોકલ તથા મોમીન અને મોમેનાતને બક્ષી આપ.)

જે લોકો જનાઝાની સાથે હોય તે જનાઝાની પાછળ યા બાજુમાં ચાલે. **જનાઝાની આગળ ન ચાલે. તેમજ જનાઝાની આગળથી ન નીકળે.** જનાઝાની સાથે ચાલતી વખતે હસવું કે બિન જરૂરી વાતો કરવી મકરૂહ છે. સ્ત્રીઓ જનાઝાની સાથે સામેલ ન થાય.

**હ. રસુલે ખુદા સ. ફરમાવ્યું છે કે,** જ્યારે જનાઝાને જૂઓ તો આ દુઆ પઢો.

**અલ્લાહો અકબર, હાઝા મા વઅદનલ્લાહો વ રસુલોહ, વ સદકલ્લાહો વ રસુલોહ. અલ્લાહુમ્મ! ઝિદના ઈમાનંવ વ તસ્લીમા. અલ્હમ્દો લિલ લાહીલ્ લઝી તઅઝ્ઝ બિલ કુદરતે વ કહર એબાદહુ બિલ મૌત.** (ખુદા સૌથી મોટો છે. આ એ ચીઝ છે જેનો ખુદા અને તેના રસુલ સ. મે અમને વાયદો કર્યો હતો. બેશક ! ખુદા અને



https://downloadshiabooks.com/

તેના રસુલ સ. સાચા છે. અય ખુદા! ઈમાન અને સલામતીમાં વધારો કર . બધા વખાણ એ ખુદા માટે છે જે પોતાની કુદરત થકી ગાલિબ કર્યા અને પોતાના બંદાને મોત થકી બેઆબરૂ કર્યા.)

**ઈમામ જાફરે સાદિક અ.થી રિવાયત છે કે,** જ્યારે કોઈ મોમીન મરણ પામે અને તેના જનાઝામાં ૪૦ મોમીન હાજર થઈ જાય તો આ દુઆ પઢે.

**અલ્લાહુમ્મ ઈન્ના લા નઅલમો મિન્હો ઈલ્લા ખયરંવ વ અન્ત અઅલમો બેહી મિન્ના.**

(અય ખુદા ! અમે આની નેકી સિવાય બીજું કશું જાણતા નથી. તું અમારા કરતાં વધારે જાણનાર છો.)



તો ખુદા ફરમાવે છે કે, મેં તમારી સાક્ષી કબૂલ રાખી અને આના ગુનાહ બક્ષી દીધા. જેને હું જાણતો હતો તેને તમે જાણતા ન હતા.



https://downloadshiabooks.com/

# નમાઝે મય્યત પઢવાનો સવાબ

નમાઝે મય્યતમાં સામેલ થવાનો ખૂબ સવાબ છે. ઈમામ હસન અ. ફરમાવે છે કે જેકોઈ મોમીનના જનાઝાની નમાઝ પઢે તેના પર જન્નત વાજીબ છે પરંતુ શર્ત છે કે મુનાફિક ન હોય અને મા-બાપથી આક (તિરસ્કૃત) થયેલ ન હોય.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે, જે કોઈ જનાઝા પર નમાઝ પઢે તો ૭૦ હજાર ફરિશ્તાઓ તેની નમાઝ પઢશે અને મય્યતને દફન કરવા સુધી તેની પર માટી નાખવા સુધી સબ્ર કરે તો જેટલા કદમ ઉઠાવશે તેના બરાબર ઓહદના પહાડ જેટલો સવાબ આપવામાં આવશે.

# નમાઝે મય્યતના જરૂરી અહેકામ

(૧) દરેક મુસલમાન સ્ત્રી પુરૂષની મય્યત પર નમાઝે મય્યત પઢવી વાજીબે કિફઈ છે. એક જણ નમાઝે મય્યત પઢશે તો બીજાઓ પર વાજીબ નથી. છ વર્ષ પૂરા થયા હોય તે મુસલમાન બાળકની મય્યત પર નમાઝે મય્યત પઢવી **વાજીબે કિફઈ** છે તેનાથી ઓછી ઉંમરના બાળકની મય્યત પર નમાઝે મય્યત પઢવી **મુસ્તહબ** છે જે બચ્ચું મરી ગયેલું જન્મે તેના પર નમાઝે મય્યત પઢવી મુસ્તહબ નથી.

(૨) નમાઝે મય્યત પઢવાનો સૌથી વધારે હક તેના વારિસ પર છે. મય્યતનો વલી પોતાના વતી બીજાને નમાઝે મય્યત માટે નીમી શકે છે.

(૩) નમાઝે મય્યત મસ્જીદમાં પઢવી મકરૂહ છે પરંતુ મસ્જીદુલ હરામમાં મકરૂહ નથી.



https://downloadshiabooks.com/

(૪) નમાઝે મય્યત જે જગ્યાએ પઢાય તે જગ્યા ગસ્બી ન હોવી જોઈએ. મય્યત કરતાં વધારે ઊંચી નીંચી ન હોવી જોઈએ.

(૫) નમાઝે મય્યત પઢનાર માટે વઝુ, ગુસ્લ કે તયમ્મુમ કરવાની જરૂર નથી. કપડાં પણ પાક હોવા જરૂરી નથી. ગુસ્લે જનાબત કે હયઝ વાજીબ હોય તેઓ પણ નમાઝે મય્યત પઢી શકે છે. **પણ બહેતર છે કે બીજી નમાઝોમાં જે શરતો છે તેનું પાલન કરવામાં આવે.**

(૬) નમાઝે મય્યત આવડતી હોય તેવો કોઈપણ માણસ પઢાવી શકે છે. અક્કલમંદ, સમજદાર બાળક પણ પઢાવી શકે.

(૭) નમાઝે મય્યત જમાત સાથે પઢાતી હોય તો પણ મામુને (ઈમામની પાછળ નમાઝ પઢનારે) નમાઝના શબ્દોને દોહરાવા (પઢવા) વાજીબ છે. તેથી **નમાઝે મય્યત દરેકને આવડવી જોઈએ.**

(૮) નમાઝે મય્યત ગુસ્લ, હુનુત અને કફન બાદ પઢવી જોઈએ. તે પહેલાં ભૂલથી પઢી નાખે તો ફરી પઢવી પડશે.

(૯) નમાઝે મય્યત માટે જનાઝાને એવી રીતે રાખવામાં આવે કે મય્યતનું માથું પોતાના જમણા હાથ તરફ હોય અને ડાબા હાથ તરફ પગ હોય.

(૧૦) નમાઝે મય્યત માટે વાજીબ છે કે કિબ્લા સામે મોઢું રાખીને નમાઝ પઢે. નમાઝે મય્યત ઊભા રહીને પઢવી જોઈએ અને કુરબતનની નિયતથી પઢવી જોઈએ.





https://downloadshiabooks.com/

(૧૧) નમાઝે મય્યત પઢનાર મય્યતથી દૂર ન હોવો જોઈએ. અગર નમાઝે મય્યત જમાઅત સાથે પઢવામાં આવતી હોય અને સફો એકબીજાથી જોડાયેલી હોય તો કાંઈ વાંધો નથી.

(૧૨) એક મય્યત પર અનેક વાર નમાઝે મય્યત પઢવી મકરૂહ છે. પરંતુ મય્યત કોઈ આલિમ યા મુત્તકી (તકવા પરહેઝગાર) મોમીનની હોય તો મકરૂહ નથી.

(૧૩) અગર મય્યતને નમાઝે મય્યત પઢ્યા વગર જાણી જોઈને યા ભૂલથી કોઈ મજબૂરીના કારણે દફન કરવામાં આવે અથવા દફન કર્યા પછી ખબર પડે કે પઢવામાં આવેલ નમાઝે મય્યત સહીહ નથી, તો કબરને નમાઝ માટે ખોલવી જાએઝ નથી. પણ જ્યાં સુધી ગુમાન હોય કે મય્યતનું શરીર તદ્દન નષ્ટ નહિ થયું હોય તો કબર પાસે ઊભા રહીને નમાઝે મય્યતને તમામ શરતો સાથે અદા કરવામાં વાંધો નથી.



સ્ત્રીની મય્યતમાં મય્યતની છાતી પાસે ઊભા રહીને નમાઝ પઢાવે છે.



https://downloadshiabooks.com/

# નમાઝે મય્યતની મુસ્તહબ બાબતો

(૧) નમાઝે મય્યત પઢનાર વઝુ, ગુસ્લ, તયમ્મુમ સાથે નમાઝ બજાવી લાવે.

(૨) પુરૂષની મય્યત હોય તો મય્યતની કમર પાસે ઊભો રહીને નમાઝ પઢે/પઢાવે. સ્ત્રીની મય્યત હોય તો મય્યતની છાતી પાસે ઉભો રહે.

(૩) ઊઘાડા પગે નમાઝે મય્યત પઢે.

(૪) દરેક તકબીર વખતે હાથ ઊંચો કરે.

(૫) નમાઝ પઢનાર અને મય્યત વચ્ચે ઓછામાં ઓછું અંતર હોવું જોઈએ કે પવન ફૂંકાય તો નમાઝ પઢનારના કપડા મય્યતને સ્પર્શે.

(૬) નમાઝે મય્યત જમાઅત સાથે પઢવી મુસ્તહબ છે.

(૭) નમાઝે મય્યત પઢાવનાર ઊંચે અવાજે તકબીર અને દુઆઓ પઢે જ્યારે જમાઅત સાથે પઢનાર ધીમે સાદે પઢે.

(૮) જમાઅતથી નમાઝ પઢાતી હોય તો મામુમ અગર



https://downloadshiabooks.com/

એકલો હોય તો પણ ઈમામની પાછળ ઊભો રહે. (ઈમામની બાજુમાં ઊભો ન રહે)

(૯) નમાઝે મય્યતમાં મય્યત તેમજ મોમીનો માટે વધારેમાં વધારે દુઆઓ કરવી.

(૧૦) જમાઅતથી નમાઝે મય્યત પઢવાની હોય ત્યારે નમાઝ શરૂ કર્યા પહેલાં ત્રણ વાર **અસ્સલાત** કહેવું.

(૧૧) નમાઝે મય્યત એવી જગ્યાએ પઢવી કે જ્યાં વધારે લોકો નમાઝે મય્યત માટે જતા હોય.

(૧૨) હયઝવાળી સ્ત્રી નમાઝે જમાઅતમાં જોડાય તો અલગ એકલી ઊભી રહે. જમાઅતની હરોળમાં ન જોડાય.

પુરૂષની મય્યતમાં મય્યતની કબર પાસે ઊભા રહી નમાઝ પઢાવે છે.





https://downloadshiabooks.com/

# નમાઝે મય્યત પઢવાની રીત

સૌ પ્રથમ નિયત કરે કે, **હું આ મય્યતની નમાઝ પઢું છું વાજીબ કુરબતન એલલ્લાહ.** ત્યાર પછી પહેલી તકબીર (અલ્લાહો અકબર) કહી આ મુજબ પઢે.

**અશ્હદો અલ લાએલાહ ઈલ્લલ્લાહો વહદહુ લા શરીકલહ, વ અશ્હદો અન્ન મોહંમદન અબ્દોહુ વ રસુલોહ, અર્સલહુ બિલ હક્કે બશીરંવ વ નઝીરમ બય્ન યદયિસ્સાઅહ.**

(હું ગવાહી આપું છું કે અલ્લાહના સિવાય બીજો કોઈ માઅબુદ નથી. તે એક છે તેનો કોઈ ભાગીદાર નથી. હું ગવાહી આપું છું કે, હ. મોહંમદ સ. ખુદાના રસુલ છે. ખુદાએ તેમને રોઝે કયામતના પહેલા સચ્ચાઈની સાથે ખુશ ખબરી દેવાવાળા અને ડરાવવાવાળા બનાવી મોકલ્યા.)

પછી બીજી તકબીર **(અલ્લાહો અકબર)** કહી આ મુજબ સલવાત પઢે.

**અલ્લાહુમ્મ સ્વલ્લે અલા મોહંમદીંવ વ આલે મોહંમદ. વ બારિક અલા મોહંમદીંવ વ આલે મોહંમદ. વર્હમ મોહંમદીંવ વ આલે મોહંમદ. ક અફઝલે મા સલ્લય્ત વ બારકત વ તરહ્ હમ્ત અલા ઈબ્રાહીમ. વ આલે ઈબ્રાહીમ ઈન્નક  હમીદુમ મજીદ. વ સલ્લે અલા જમીઈલ અંબિયાએ વલ મુર્સલીન. વશ શોહદાએ વસ્ સીદ્દીકીન. વ જમીએ એબાદિલ્લાહિસ સાલેહીન.**



https://downloadshiabooks.com/

(અય ખુદા ! રહમત મોકલ મોહંમદ સ. અને આલે મોહંમદ સ. પર, બરકત મોકલ મોહંમદ સ. અને આલે મોહંમદ સ. પર, રહેમ કર મોહંમદ સ. અને આલે મોહંમદ સ. પર, આનાથી બહેતર તું રહમત અને બરકત મોકલ. રહેમ કર ઈબ્રાહીમ અ. અને આલે ઈબ્રાહીમ અ. પર. બેશક ! તું વખાણ અને બુઝુર્ગી માટે લાયક છે. રહેમત મોકલ બધા નબીઓ અને રસુલો પર, શોહદાઓ અને સત્યનિષ્ઠો પર, તમામ આબિદો અને સાલેહીન પર )

પછી ત્રીજી તકબીર **(અલ્લાહો અકબર)** કહી મોમીન મોઅમેનાત માટે આ મુજબ દુઆ કરે.

**અલ્લાહુમ્મગ્ ફિર લિલ મોઅમેનીન વલ મોઅમેનાત. વલ મુસ્લેમીન વ મુસ્લેમાત. અલ અહયાએ મિન્હુમ વલ અમ્વાત. તાબેઅ બય્નના વ બય્નહુમ બિલ ખયરાત, ઈન્નક મુજીબુદ દાઅવાત, ઈન્નક અલા કુલ્લે શયઈન કદીર.**



(અય ખુદા ! મોઅમીન પુરૂષો. મોમીન સ્ત્રીઓ, મુસ્લિમ પુરૂષો અને મુસ્લિમ સ્ત્રીઓ કે જેઓ જીવંત હોય અને મરી ચૂક્યા હોય તેમને બક્ષી દે. અમારા અને તેમના દરમ્યાન નેકીઓ મોકલ. બેશક ! તુ જ દોઆને કબૂલ કરનાર છો અને દરેક ચીજ પર કુદરત રાખવાવાળો છે.)



https://downloadshiabooks.com/

પછી ચોથી તકબીર (અલ્લાહો અકબર) કહી પુરૂષ મય્યત માટે આ મુજબ દુઆ કરે.

**અલ્લાહુમ્મ! ઈન્ન હાઝા અબ્દોક, વબ્નો અબ્દેક, વબ્નો અમતેક, નઝલ બેક, વ અન્ત ખયરો મન્ઝુલિન બેહ. અલ્લાહુમ્મ! ઈન્ના લા નઅલમો મિન્હો ઈલ્લા ખયરંવ વ અન્ત અઅલમો બેહી મિન્ના. અલ્લાહુમ્મ ઈન કાન મુહસેનન ફ ઝિદ ફી એહસાનેહી વ ઈન કાન મોસીઅન ફ તજાવઝ અન્હુ વગફિર લહુ અલ્લાહુમ્મજ અલ્હો ઈન્દક ફી અઅલા ઈલ્લીયીન વખ્લુફ અલા અહલેહી. ફિલ ગાબેરીન, વર્હમ્હો બે રહમતેક યા અરહમર રાહેમીન.**

(અય ખુદા ! બેશક આ તારો બંદો છે, તારા બંદાનો બેટો છે, તારી કનીઝનો બેટો છે. તારા તરફ પાછો ફર્યો છે. તું એના માટે બહેતર રાહતની જગ્યા છે. અય ખુદા ! આ નેક હતો તેની નેકીઓમાં ઓર વધારો કર, જો ગુનેહગાર હતો તો તું દરગુજર કર અને બક્ષી દે. તું તેને ઊંચામાં ઊંચો દરજ્જો અતા કર. એના સગાવહાલાઓને નેકી કરવાવાળાઓમાં ગણ, એના ઉપર રહેમ કર, તને તારી રહમતનો વાસ્તો. અય સૌથી મહાન રહેમ કરવાવાળા)

જો સ્ત્રીની મય્યત હોય તો ચોથી તકબીર (અલ્લાહો અકબર) કહી આ મુજબ દુઆ કરે.

**અલ્લાહુમ્મા ઈન્ન હાઝેહી અમતોક વબ્નતો અબ્દેક, વબ્નતો અમતેક, નઝલત બેક, વ અન્ત ખયરો મન્ઝુલિન બેહ. અલ્લાહુમ્મ ! ઈન્ના લા નઅલમો મિન્હા ઈલ્લા ખયરંવ વ અન્ત અઅલમો બેહા મિન્ના. અલ્લાહુમ્મ ! ઈન કાનત મુહસેનતન ફ ઝિદ ફી એહસાનેહા, વ ઈન કાનત મુસીઅતન ફ તજાવઝ અન્હા વગ્ફિર લહા. અલ્લાહુમ્મજ અલ્હા ઈન્દક ફી અઅલા ઈલ્લીયીન વખ્લુફ અલા અહલેહા. ફિલ ગાબેરીન, વર્હમ્હા બે રહમતેક યા અરહમર રાહેમીન.**



https://downloadshiabooks.com/

જો નાબાલિગની છોકરાની મય્યત હોય તો ચોથી તકબીર પછી આ મુજબ કહે,

**અલ્લાહુમ્મજ અલ્હો લે અબવયહે વ લના સલફન વ ફરતન વ અજરા.**

(અય ખુદા આને તથા તેના મા-બાપ અને અમારા વાસ્તે આગળના માટે અજ્ર આપ.)

જો નાબાલિગની છોકરીની મય્યત હોય તો ચોથી તકબીર પછી આ મુજબ કહે,

**અલ્લાહુમ્મજ અલ્હાલે અબવયહા વ લના સલફન વ ફરતન વ અજરા.**

પછી પાંચમી તકબીર કહે.

મુસ્તહબ છે કે ત્યાર બાદ કુનુતમાં આ મુજબ દુઆ પઢે.

**રબ્બના આતેના ફિદ દુન્યા હસનતંવ વ ફિલ આખેરતે હસનતંવ વકેના અઝાબન્નાર.**

(પરવરદિગાર ! અમને દુનિયામાં અને આખેરતમાં નેકી આપ અને અમને આગના અઝાબથી બચાવ.)

જનાઝો ઊઠે ત્યાં સુધી પેશ નમાઝ અને નમાઝ પઢવાવાળા પોતાની જગ્યાએ રહેવું સુન્નત છે.



નમાઝે મય્યતમાં મોમીનો માટે દુઆ કરે છે.



https://downloadshiabooks.com/

# નમાઝે મય્યતની ટૂંકી રીત

સૌ પ્રથમ નિયત કરે કે, **હું આ મય્યતની નમાઝ પઢું છું વાજીબ કુરબતન એલલ્લાહ.**

ત્યાર પછી પહેલી તકબીર (અલ્લાહો અકબર) કહી આ મુજબ પઢે.

**અશ્હદો અલ લાએલાહ ઈલ્લલ્લાહ. વ અશ્હદો અન્ન મોહંમદર રસુલુલ્લાહ.**

(હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને ગવાહી આપું છું કે હ. મોહંમદ સ. અલ્લાહના રસુલ છે.)

ત્યાર પછી બીજી તકબીર (અલ્લાહો અકબર) કહી આ મુજબ પઢે.

**અલ્લાહુમ્મા સ્વલ્લે અલા મોહંમદિવ વ આલે મોહંમદ.**

(અય ખુદા ! મોહંમદ સ. અને આલે મોહંમદ સ. પર રહેમત મોકલ.)

ત્યારપછી ત્રીજી તકબીર **(અલ્લાહો અકબર)** કહી આ મુજબ પઢે,

**અલ્લાહુમ્મગ ફિર લિલ મોઅમેનીન વલ મોઅમેનાત.**



https://downloadshiabooks.com/

(અય ખુદા ! મોમીન પુરૂષો અને મોઅમીન સ્ત્રીઓને બક્ષી દે.)

ત્યાર પછી ચોથી તકબીર **(અલ્લાહો અકબર)** કહી આ મુજબ પઢે,

**અલ્લાહુમ્મગ ફિર લે હાઝલ મય્યિત.**

(અય ખુદા ! આ મરનારને તું બક્ષી દે.)

પછી પાંચમી તકબીર કહે.

મુસ્તહબ છે કે ત્યાર બાદ કુનુતમાં આ મુજબ દુઆ પઢે.

**રબ્બના આતેના ફિદ દુન્યા હસનતંવ વ ફિલ આખેરતે હસનતંવ વકેના અઝાબન્નાર**

(પરવરદિગાર ! અમને દુનિયામાં અને આખેરતમાં નેકી આપ અને અમને આગના અઝાબથી બચાવ.)



પુરુષની નમાઝે મય્યત પઢે છે.



https://downloadshiabooks.com/

# દફનના આદાબ

## કબર ખોદવાના અહેકામ

(૧) કબરની લંબાઈ મય્યતના પુરા કદ બરાબર હોય.

(૨) કબર એટલી ઊંડી ખોદવી વાજીબ છે કે મય્યતનું શરીર માટીના નીચે છૂપાઈ જાય. દુર્ગંધ બહાર ન આવે, જાનવર ખોદી ન શકે, છતાં મુસ્તહબ એટલું છે કે, કબર માણસની ગરદન યા તેના કદ બરાબર ઊંડી હોય.

(૩) કબરની પહોળાઈ એટલી હોય કે માણસ તેમાં સહેલાઈથી બેસી શકે.

(૪) કબરમાં કિબ્લાની તરફ લહદ (બગલી) બનાવવી સુન્નત છે. અગર લહદ બનાવવી શક્ય ન હોય તો મય્યત પર માટી ન પડે તે માટે અધ વચ્ચે પત્થર કે લાકડાના પાટીયા મૂકી શકાય તેવી કબ્લી બનાવે.

(૫) વાજીબ છે કે કબરની જગ્યા ગસ્બી ન હોય.

કબરના ચણતરમાં બહેતર છે કે પાકી ઈંટો કરતા કાચી ઈંટોથી ચણતર કરવામાં આવે.


તૈયાર કરેલ કબર



https://downloadshiabooks.com/

# દફનના અહેકામ

મય્યતને દફન કરવું વાજીબે કિફઈ છે. તેથી દરેક મુસલમાન મય્યતને દફન કરવાના અહેકામને જાણે.

(૧) મુસલમાનને કાફિરોના કબ્રસ્તાનમાં અને કાફિરને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવું જાએઝ નથી.

(૨) મય્યતની બેહુરમતી થતી હોય ત્યાં મય્યતને દફન કરવું જાએઝ નથી. જેમકે ગંદવાડની જગ્યાએ વગેરે.

(૩) મય્યતને ગસ્બી જગ્યાએ દફન કરવું જાએઝ નથી.

(૪) મસ્જીદ જે દફન સિવાય અન્ય કાર્યો માટે વકફ હોય તો તેવી મસ્જીદમાં મય્યતને દફન કરવું જાએઝ નથી.

(૫) એક મય્યતની કબરને ખોલી બીજી મય્યતને દફન કરવું જાએઝ નથી. સિવાય કે એ કબર બિલકુલ જુની હોય અને તેમાં દફન થયેલી મય્યતનું નામો નિશાન બાકી ન હોય.





https://downloadshiabooks.com/

# દફન માટે મુસ્તહબ બાબતો

(૧) મય્યતને લોકોની વસાહતથી બને તેટલા નજીકના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે, અગર દૂરના કબ્રસ્તાનની ખાસ ફઝીલત હોય, જેમ કે નેક લોકો તેમાં દફન થયા હોય યા ત્યાં વધુ લોકો ફાતેહા પઢવા જતા હોય તો દૂરના કબ્રસ્તાનમાં દફન કરવું મુસ્તહબ છે.

(૨) મુસ્તહબ છે કે મય્યતને દફન કરતાં પહેલાં અને દફન કર્યા બાદની દુઆઓ પઢે.

(૩) મુસ્તહબ છે કે જનાઝાને કબરથી અમુક અંતરે બે વખત જમીન પર મુકે. ત્રીજીવાર કબરની નજીક લઈ જવામાં આવે. ચોથીવાર ઊંચકીને કબરમાં ઉતારે.

(૪) સ્ત્રીની મય્યતને કબરમાં ઉતારતી વખતે કબર પર ચાદર કે કપડું તાણી લે.

(૫) મય્યતને કબરમાં રાખી દીધા બાદ કફનની ગાંઠો ખોલી દેવામાં આવે. મય્યતના ચહેરા અને શરીરને કિબ્લા તરફ રાખે. આ માટે માટી એકઠી કરી માથા અને પીઠ પાછળ નીચે ટેકા રૂપે રાખે.



જનાઝાને જમીન પર રાખવામાં આવે છે.



https://downloadshiabooks.com/


# મય્યતને દફન કરવાની રીત

નમાઝે મૈયત પઢ્યા બાદ જનાઝાને ઉઠાવે. કબર સુધી પહોંચે ત્યાં સુધી થોડેક થોડેક અંતરે જનાઝાને જમીન ઉપર મુકે પછી ફરી ઉઠાવે. આ રીતે ત્રણવાર જમીન પર રાખે અને ઉઠાવે. જો પુરૂષની મૈયત હોય તો ત્રીજીવાર જનાઝાને કબરની પાછળની બાજુએ એવી રીતે રાખે કે મય્યતનું માથું કબરના છેડા તરફ હોય. ચોથીવાર મય્યતને જનાઝામાંથી ધીરેથી બહાર લાવીને કબરના છેડેથી માથા તરફથી કબરમાં ઉતારે.



પુરુષનો જનાઝો અને કબર

અગર સ્ત્રીની મય્યત હોય તો ત્રીજીવાર જનાઝાને કબરની કિબ્લા તરફની બાજુએ બે-ત્રણ હાથના અંતરે રાખે. ચોથીવાર મૈયતને ધીરેથી જનાઝામાંથી બહાર લાવી બાજુમાંથી કબરમાં ઉતારે.



સ્ત્રીનો જનાઝો અને કબર



https://downloadshiabooks.com/

સ્ત્રીની મય્યત તેના મેહરમ સગાઓ જેવા કે દિકરો, પતિ, પિતા, ભાઈ વગેરે કબરમાં ઉતારે. અગર મહેરમ હાજર ન હોય તો બીજા સગાઓ યા કોઈ નેક માણસને ઉતારે. ઉતારતી વખતે મૈયતની ઉપર ચાદર કે કપડુ ઢાંકીને ઉતારવામાં આવે. જ્યાં સુધી મય્યતને પૂરેપુરી ઢાંકવામાં ન આવે ત્યાં સુધી ચાદર કે કપડું ન હટાવે.



સ્ત્રીની મય્યતને કબરમાં ઉતારતી વખતે મય્યત પર ચાદર ઢાંકે છે

મુસ્તહબ છે કે મય્યતને કબરમાં ઉતારે નહિ ત્યાં સુધી બેસે નહિ.

સુન્નત છે કે, જ્યારે જનાઝાને કબરની પાસે રાખે ત્યારે આ દુઆ પઢે.

**અલ્લાહુમ્મ અબ્દેક વબ્નો અબ્દેક, વબ્નો અમતેક, નઝલ બેક, વ અન્ત ખયરો મન્ઝુલિન બેહ.**

(અય ખુદા ! બેશક આ તારો બંદો છે. તારા બંદાનો બેટો છે. તારી કનીઝનો બેટો છે. તારી તરફ આવ્યો છે તું તેના માટે શ્રેષ્ઠ હસ્તી છો.)

સુન્નત છે કે બધા લોકો એકઠા થઈ જાય ત્યાર પછી મય્યતને કબરમાં ઉતારે.

મુસ્તહબ છે કે જે માણસ મય્યતને લેવા કબરમાં ઉતરે તે ઊઘાડા માથે, ઊઘાડા પગે અને તહારતની સાથે હોય. કબાના બંદ (પહેરણના



https://downloadshiabooks.com/

બટન) ખોલેલા હોય. કબરમાં પગની તરફથી દાખલ થાય તે વખતે પઢે.

**અલ્લાહુમ્મજ અલ્હા રઝાતમ મિન રિયાઝિલ જન્નહ. વ લા તજ્અલ્હા હુફ્રતમ મિન હુફરિન નીરાન.**

(અય ખુદા ! આ કબરને જન્નતના બગીચામાં ફેરવી દે અને જહન્નમના ખાડામાંનો ખાડો ન બનાવજે.)

ત્યાર બાદ પુરૂષની મય્યતને કબરના પગ તરફની બાજુથી માથું દાખલ કરી કબરમાં ઉતારે. પછી આ દુઆ પઢવી સુન્નત છે.

**બિસ્મિલ્લાહે વ અલા મિલ્લતે રસુલિલ્લાહે સ્વલ્લલ્લાહો અલયહે વ આલેહ. અલ્લાહુમ્મ એલા રહમતેક લા એલા અઝાબેક. અલ્લાહુમ્મસ્ફહ લહુ કબ્રેહી વ લક્કિન્હો હુજ્જતહુ વ સબ્બિત હો બિલ કવ્લિસ સાબેતે વ કેના વ ઈય્યાહો અઝાબલ કબ્ર.**

(ખુદાના નામથી અને ખુદાની મદદથી રસુલ સ. ની મિલ્લત પર, દુરૂદ હો રસુલ સ. અને તેમની ઓલાદ પર, અય ખુદા! આના પર તારી રહેમત મોકલ ન કે તારો અઝાબ. અય ખુદા ! આને માટે કબરને વિશાળ બનાવી દે. તેની હાજતોને યાદ અપાવ. સાચા વાયદા પર કાયમ રાખ, તેને કબરના અઝાબથી બચાવ.)

મય્યતને કબરમાં સૂવડાવી લીધા બાદ કફનની ગાંઠો ખોલી દે. માત્ર ચહેરો ખૂલ્લો કરે. વાજીબ છે કે મય્યતનો ચહેરો અને છાતી કિબ્લા તરફ હોય. એટલે કે મય્યતને જમણે પડખે કિબ્લા તરફ સૂવરાવે. મય્યતના ગાલને માટી પર મૂકવામાં આવે. એના માથા તથા શરીરની પાછળની બાજું થોડીક માટીથી તકીયા જેવું બનાવે. જેથી મય્યત ફરી ન જાય. કબરમાં ઉતરનાર માણસ મય્યતનો જમણો ખભો જમણા હાથથી અને ડાબો ખભો ડાબા હાથથી પકડે. ત્યાર બાદ તલકીન પઢવામાં આવે. તલકીન વખતે મય્યતનું નામ આવે ત્યારે ખભા જરા હલાવે.



https://downloadshiabooks.com/

# તલકીન

**ખાસ નોંધ :** પુરૂષની મય્યત હોય તો **પહેલા કૌંસનાં લીટીવાળા લાલ રંગવાળા શબ્દો પઢવા.** અગર સ્ત્રીની મય્યત હોય તો **બીજા કૌંસનાં લીટી વગરના લીલા રંગવાળા શબ્દો પઢવા.**

**(ઈસ્મઅ ઇફહમ) (ઈસ્મઇ ઈફહમી),**

**(ઈસ્મઅ ઇફહમ) (ઈસ્મઇ ઇફહમી),**

**(ઈસ્મઅ ઇફહમ) (ઈસ્મઇ ઇફહમી),**

**યા (મય્યતનું નામ લેવું) હલ (અન્ત) (અન્તે) લઝી અલલ અહદિલ (ફા રકતના) (ફા રકતેના) અલયહે મિન શહાદતે અન લાએલાહ ઈલ્લલાહો વહદહુ લા શરીકલહ. વ અન્ન મોહમ્મદન સ્વલ્લલ્લાહો અલયહે વ આલેહી અબ્દોહુ વ રસુલોહ. વ સય્યેદુન**



**તકલીન પઢાય છે.**



https://downloadshiabooks.com/

નબિય્યીન વ ખાતમુલ મુર્સલીન, વ અન્ન અલિય્યન અમીરૂલ મોઅમેનીન. વ સય્યેદુલ વસિય્યિન વ ઈમામોનિફ તરઝલ્લાહો તાઅતહુ અલલ આલમીન. વ અન્નલ હસન વલ હુસૈન વ અલિય્યબ્નલ હુસૈન. વ મોહંમદબ્ન અલિય્યિન વ જાઅફરબ્ન મોહંમદિન વ મુસબ્ન જાઅફર. વ અલિય્યબ્ન મુસા વ મોહંમદબ્ન અલિય્યિન વ અલિય્યબ્ન મોહંમદિન વલ હસનબ્ન અલિય્યિન વ કાએમલ હુજ્જતલ મહદિય્ય. સલવાતુલ્લાહે અલયહિમ અઈમ્મતુલ મોઅમેનીન વ હોજ્જુલ્લાહે અલલ ખલ્કે અજમઈન. વ (અઈમ્મતોક) (અઈમ્મતોકે) અઈમ્મતો હોદન અબરાર. યા (મય્યતનું નામ લેવું) એઝા (અતાકલ) (અતાકિલ) મલકાનિલ મુકર્રબાનિર રસુલયને મિન ઈન્દિલ્લાહે તબારક વ તઆલા વ (સઅલાક) (સઅલોક) અન (રબ્બેક) (રબ્બેકે) વ અન (નબિય્યિક) (નબિય્યિકે) વ અન (દીનેક) (દીનેકે) વ અન (કિતાબેક) (કિતાબેકે) વ અન (કિબ્લતેક) (કિબ્લતેકે) વઅન (અઈમ્મતેક) (અઈમ્મતેકે) ફલા (તખફ) (તખાફી) વ લા (તહઝન) (તહઝની) વ (કુલ) (કુલી)

ફી જવાબેહેમા અલ્લાહો જલ્લ જલાલહુ રબ્બી વ મોહંમદુન સ્વલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ નબિય્યિ વલ ઈસ્લામો દીની, વલ કુરઆનો કિતાબી, વલ કઅબતો કિબ્લતી, વ અમીરૂલ મોઅમેનીન અલિય્યુબ્નો અબી તાલેબિન ઈમામી, વલ હસનુબ્નો અલિય્યેનિલ મુજતબા ઈમામી, વલ હુસયનુબ્નો અલિય્યેનિશ શહીદો બે કરબલા ઈમામી, વ અલિય્યુન ઝયનુલ આબેદીન ઈમામી, વ મોહંમદુન બાકેરો ઈલ્મિન નબિય્યિન ઈમામી, વ જાઅફરો નિસ્સાદેકો



https://downloadshiabooks.com/

ઈમામી, વ મુસલ કાઝિમો ઈમામી, વ અલિય્યુર રેઝા ઈમામી, વ મોહંમદોનિલ જવાદો ઈમામી, વ અલિય્યોનિલ હાદિ ઈમામી, વલ હસનુલ અસ્કરિય્યો ઈમામી, વલ હુજ્જતુલ મુન્તઝરો ઈમામી, હાઓલાએ સલવાતુલ્લાહે અલયહિમ અજમઈન અઈમ્મતી, વ સાદતી વ કાદતી, વ શોફઆઈ. બેહિમ અતવલ્લા વ મિન અઅદાએહિમ અતબર્રઓ ફિદ દુન્યા વલ આખેરહ.

સુમ્મ (<u>એઅલમ</u>) (એઅલમી) યા (મય્યતનું નામ લેવુ) અન્નલ્લાહ તબારક વ તઆલા નેઅમર રબ્બો વ અન્ન મોહંમદન સ્વલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ નેઅમર રસુલો, વ અન્ન અમીરૂલ માઅમેનીન અલિય્યબ્ન અબી તાલેબીન, વ અવલાદહુલ અઈમ્મતલ અહદ અશર નેઅમલ અઈમ્મતો, વ અન્ન મા જાઅ બેહી મોહંમદુન સ્વલ્લલ્લાહો અલયહે વ આલેહી હક્કુન, વ અન્નલ મવ્ત હક્કુન, વ સોઆલ મુન્કરિન વ નકીરિન, ફિલ કબ્રે હક્કુન, વલ બઅસ હક્કુન, વન્નો શુર હક્કુન, વસ્સેરાત હક્કુન, વલ મીઝાન હક્કુન, વ તતાએરૂલ કોતોબે હક્કુન, વલ જન્નત હક્કુન, વન્નાર હક્કુન, વ અન્નસ્ સાઅત આતેયતુન લા રયબ ફીહા વ અન્નલ્લાહ યબ્અસો મન ફિલ કોબુર. (<u>અફહિમ્ત</u>) (અફહિમ્તે) યા (મય્યતનું નામ લેવુ) (<u>સબ્બતકલ્લાહો</u>) (સબ્બતકિલ્લાહો) બિલ કવ્લિસ સાબિતે વ (<u>હદાકલ્લાહો</u>) (હદાકિલ્લાહે) એલા સેરાતિમમુસ્તકીમ. અર્રફલ્લાહો (<u>બયનક</u>) (બયનકે) વ બયન (<u>અવલેયાએક</u>) (અવલેયાએકે) ફી મુસ્તકર્રીમ મિર



https://downloadshiabooks.com/

રહમતેહ.

અલ્લાહુમ્મજાફિલ અર્ઝ અન (જમ્બયહે) (જમ્બયહા) વ અસ્ઈદ બે (રૂહેહી) (રૂહેહા) એલયક વ (લક્કેહી) (લક્કેહા) મિન્ક બુર્હાનન. અલ્લાહુમ્મ અફવક અફવક.

સાંભળ-સમજ સાંભળ-સમજ સાંભળ-સમજ

અય (મરનારનું નામ) તું એજ અહદ પર છે કે

અમારાથી તે જ અહદથી જુદો થયો. ગવાહી આપ કે અલ્લાહ સિવાય તારો કોઈ ખુદા નથી. પણ અલ્લાહ એકલો છે તેનો કોઈ ભાગીદાર નથી, ગવાહી આપ એ વાતની કે બેશક, મોહંમદ સ. અને તેમની આલ પર ખુદાની રહેમત હો, જે ખુદાના બંદા, તેના રસુલ નબીઓના સરદાર અને છેલ્લા પયગમ્બર છે, અમીરૂલ મોઅમેનીન હ. અલી અ. વસીયોના સરદાર છે. એવા સરદાર કે જેની તાબેદારી ખુદાએ બધાય જગત પર વાજીબ કરી છે. હસન અ., હુસૈન અ., અલી ઈબ્નુલ હુસૈન અ., મોહંમદ બિન અલી અ., જાઅફર બિન મોહંમદ અ. મુસા બિન જાઅફર અ., અલી બિન મુસા અ., મોહંમદ બિન અલી. અ., અલી બિન મોહંમદ અ., હસન બિન અલી. અ. અને કાયમ મુન્તઝર મહેદી અ. ખુદાની રહેમત બધા ઉપર. આ સર્વ બુઝુર્ગ મોઅમીનોના ઈમામ અને જગત પર હુજજત છે અને આ તારા બધા ઈમામો નેકી કરનારાઓના માર્ગદર્શક છે. અય (મરનારનું નામ) જ્યારે તારી પાસે ખુદાના બે ફરિશ્તા આવે અને પૂછપરછ કરે કે તારો રબ કોણ છે ? તારો નબી કોણ છે ? તારો દીન કયો છે ? તારી



https://downloadshiabooks.com/

કિતાબ કઈ છે ? તારો કિબ્લો ક્યો છે ? તારા ઈમામો કોણ છે ? તો ડરજે નહિ અને ગમગીન યા ચિંતિત થઈશ નહિ. એના જવાબમાં કહેજે કે, **અલ્લાહ જલ્લ જલ્લાલહુ મારો પરવરદિગાર છે. હ. મોહંમદ સ. મારા પયગમ્બર છે. ઈસ્લામ મારો દિન છે. કુરઆન મારી કિતાબ છે. કાબા મારો કિબ્લો છે. અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબ અ. મારા ઈમામ છે, હસને મુજતબા અ. મારા ઈમામ છે. શહીદે કરબલા હુસૈન બિન અલી અ. મારા ઈમામ છે. અલી ઝયનુલ આબેદીન અ. મારા ઈમામ છે, મોહંમદે બાકીર અ. મારા ઈમામ છે, જાઅફરે સાદિક અ. મારા ઈમામ છે. મુસિએ કાઝીમ અ. મારા ઈમામ છે, અલી રઝા અ. મારા ઈમામ છે, મોહંમદે જવાદ અ. મારા ઈમામ છે. અલિય્યે હાદિ અ. મારા ઈમામ છે, હસને અસ્કરી અ. મારા ઈમામ છે, હુજ્જતે મુન્તઝર અ. મારા ઈમામ છે.** આ તમામ બુઝુર્ગો પર અલ્લાહની રહમત થાય. મારા ઈમામ, મારા સરદાર, મારા પેશ્વા, મારી શફાઅત કરવાવાળા છે. હું બધાથી મોહબ્બત કરૂં છું. તેમના દુશ્મનોથી દુનિયામાં અને આખેરતમાં નફરત કરૂં છું.

અય (મરનારનું નામ) જાણ તું બેશક ! અલ્લાહ બુઝુર્ગ અને બહુ જ સારો પરવરદિગાર છે. બેશક ! મોહંમદ સ. પર અને તેમની આલ પર ખુદાની રહેમત થાય. જે બહેતરીન નબી છે. અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અલી તાલીબ અ. અને એમની ઔલાદથી અગ્યાર ઈમામ બહેતરીન ઈમામો અને પેશ્વા છે. મોહંમદ સ. જે કાંઈ શરીઅત લાવ્યા તે હક છે. બેશક ! મોત હક છે. મુન્કિર-નકીરના સવાલો હક છે. મર્યા બાદ જીવંત થવું હક છે.



https://downloadshiabooks.com/

કયામતનું ઉઠવું હક છે. પુલે સેરાત હક છે. મીઝાન હક છે. અઅમાલનામું હક છે. બેહિશ્ત હક છે. જહન્નમ હક છે. કયામત આવવાવાળી છે. આમાં કોઈ શંકા નથી. બેશક ! ખુદા જે લોકો કબરમાં છે એમને ઉઠાડશે. અય (મરનારનું નામ) ખુદા તને આ અકાએદ અને કોલ ઉપર સાબીત કદમ રાખે અને તને સીધા રસ્તે રહનુમાઈ કરે.

ખુદાની રહમતમાં તારા અને તારા દોસ્તો દરમ્યાન ઓળખાણ કરી દે.

ખુદાવંદા, તારી જમીન બંને તરફથી વિશાળ કરી દે, આની રૂહને તારી તરફ બુલંદ કર અને તારી તરફથી માર્ગ બતાવ. અય અલ્લાહ, આને બક્ષી દે. આને બક્ષી દે.



તલકીન પઢાવામાં આવે છે.



https://downloadshiabooks.com/

# માટી નાખવાના આદાબ

કબરમાં ઉતરેલ માણસ માટે મુસ્તહબ છે કે બહાર નીકળતી વખતે મય્યતના પગ તરફના છેડેથી બહાર નીકળે. ત્યાર પછી કબરને પત્થર કે લાકડાના પાટીયાથી એવી રીતે ઢાંકે કે મય્યત પર માટી પડે નહિ.

(૧) ત્રણ વખત માટી નાખવી સુન્નત છે. માટી ઊંધા હાથે એટલે કે હથેળીથી નહિ, **હથેળીના પાછળના ભાગથી નાખે.**

(૨) મરનારના સગાઓએ કબરમાં માટી નાખવી મકરૂહ છે. કારણ કે તેનાથી દિલ સખ્ત થાય છે.

(૩) કબરની માટી સિવાય બીજી માટી નાંખવી મકરૂહ છે. કેમકે તે મય્યત માટે ભારરૂપ બને છે.

(૪) માટી નાંખતી વખતે ઈસ્તિગફાર કરે. યા **ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન** (અલ્લાહ તરફથી આવ્યા છીએ અને અલ્લાહ તરફ પાછા જવાના છીએ) પઢે. અથવા આ દુઆ પઢે.

**ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન. હાઝા મા વઅદનલ્લાહો વ રસુલોહ. વ સદકલ્લાહો વ રસુલોહ. અલ્લાહુમ્મ! ઝિદના ઈમાનંવ વ તસ્લીમા.**

(અલ્લાહ તરફથી આવ્યા છીએ અને અલ્લાહ તરફ પાછા જવાના છીએ છે. આ એ ચીજ છે જેનો અલ્લાહ અને રસુલે સાચું કહ્યું. અય ખુદા અમારા ઈમાનમાં અને માન્યતામાં વધારો કર.)



કબર પર માટી નાખે છે.



https://downloadshiabooks.com/

# કબર બનાવવાના આદાબ

(૧) મુસ્તહબ છે કે કબરને ચોરસ અથવા લંબચોરસ બનાવવામાં આવે.

(૨) નિશાની માટે માથા અને પગ તરફ બંને છેડા પર એક એક પત્થર માટીની અંદર ખોસવો સુન્નત છે.

(૩) કબરને જમીનથી ચાર આંગળ યા એક વેંત ઊંચી સપાટ બનાવવી સુન્નત છે. **ઊંટની પીઠની જેમ ઊંચી બનાવવી મકરૂહ છે.**

(૪) મુસ્તહબ છે કે કબરને પાકી ચણે જેથી જલ્દી ખંડિત ન થાય.

(૫) કબરની માટી ફેલાવવી અને તેના ઉપર પાણી રેડવું સુન્નત છે.

હદીસમાં છે કે જ્યાં સુધી કબરની ભીનાશ હોય છે ત્યાં સુધી મય્યતને અઝાબ થતો નથી.

(૬) પાણી રેડનાર કિબ્લાની દિશામાં ઊભો રહે અને સુન્નત છે કે કિબ્લા તરફથી પાણી રેડવાની શરૂઆત કરે. પહેલા કબરની જમણી તરફ માથાથી પગ સુધી અને પછી ડાબી તરફ પગથી માથા સુધી પાણી રેડે. બચેલું પાણી કબરની વચ્ચે નાંખે.

(૭) સુન્નત છે કે કબર ઉપર પાણી નાખતી વખતે શરૂથી આખર સુધી પાણીની ધાર તૂટે નહિ.

(૮) કબર પર મરકઝ બનાવવું મકરૂહ છે. અલ્લાહના અવલિયા અને ઓલમાએ દીનની કબર પર મરકઝ બનાવવું મુસ્તહબ છે.



નિશાની માટે માથા અને પગ તરફ પત્થર લગાવે છે.



આ મુજબ કબર બનાવવી મકરૂહ છે.



https://downloadshiabooks.com/

# દફન બાદના આદાબ

(૧) પાણી નાખ્યા પછી મુસ્તહબ છે કે ત્યાં હાજર લોકો કબર ઉપરની માટીમાં નિશાન બને તે રીતે પોતાની આંગળીઓ ખોસીને સાત વખત **સુરએ ઈન્ના અન્ઝલ્ના** પઢે. મય્યત માટે બક્ષિસની દુઆ કરે.

(૨) તલ્કીન પઢનાર નીચેની દુઆ સતત પઢતો રહે.

**અલ્લાહુમ્મ જાફિલ અર્ઝ અન (જમ્બયહે) (જમ્બયહા) વ અસ્અદ બે (રૂહેહી) (રૂહેહા) એલયક વ (લક્કેહી) (લક્કેહા) મિન્ક રિઝવાનન વ અસ્કિન કબ્રહુ મિન રહમતેક મા તુગ્નીહે બેહા મિન સિવાક.**

(અય ખુદા ! આની જમીનને બંને તરફથી વિશાળ કરી દે. આની રૂહને તારી તરફ બુલંદ કર. તારી તરફથી આને બક્ષિસ પહોંચાડ અને શાંતિ આપ. આની કબરને તારી રહેમતથી બક્ષી દે. જેના લીધે તેને તારા સિવાય બીજાની જરૂરત ન રહે.

(૩) હાજર લોકો ચાલી ગયા બાદ મય્યતનો વારસદાર યા તેનો નાયબ કબરના માથા તરફ બેસી મોટા અવાજમાં તલકીન પઢે. જે અગાઉ પઢવામાં આવી હતી.



કબર પર આંગળીઓ રાખી સુરએ ઈન્ના અન્ઝલ્ના પઢે છે.



https://downloadshiabooks.com/

# દફન કર્યા બાદ કબર ખોલવા વિષે

(૧) કોઈ મુસલમાનની કબરને ખોદીને બહાર કાઢવી હરામ છે. પણ જો કબર એટલી જુની હોય કે તેમાં શરીરનું નામો નિશાન બાકી ન હોય તો ખોલવામાં વાંધો નથી.

(૨) ઈમામ ઝાદાઓ, શોહદાઓ, ઓલમાઓ અને નેક લોકોની કબર ગમે તેટલી જુની હોય તેને ખંડિત કરવું હરામ છે.

(૩) મય્યતને ગસ્બી જગામાં દફન કરેલ હોય અને જમીનનો માલીક રાજી ન હોય તો કબર ખોલવી હરામ નથી.

(૪) મય્યતનું કફન યા અન્ય કોઈ વસ્તું ગસ્બી હોય અને તેનો માલીક રાજી ન હોય તો કબરને ખોલી શકાય છે.

(૫) અગર મય્યતને ગુસ્લ/કફન આપ્યા વગર દફન કરેલ હોય યા ઈસ્લામી શરીઅત મુજબ ગુસ્લ-કફન આપવામાં આવ્યું ન હોય યા મય્યતને કિબ્લા તરફ સુવડાવવામાં આવી ન હોય તો કબર ખોલવી હરામ નથી. અગર મય્યતની બેહુરમતી ન થતી હોય તો.

(૬) કોઈ હક સાબિત કરવો એ કબર ખોલવા કરતાં વધુ મહત્વ ધરાવતો હોય અને મય્યતના શરીરને જોવું જરૂરી હોય તો કબર ખોલવી હરામ નથી.

(૭) કોઈ એવી જગ્યાએ મય્યત દફન થઈ ગઈ હોય જ્યાં મય્યતની બેહુરમતી થતી હોય તો કબર ખોલવી હરામ નથી.

(૮) અગર કોઈ શરઈ કામ આવી પડે કે જેનું મહત્ત્વ કબર ખોદીને ખોલવા કરતાં વધારે હોય જેમ કે કોઈ હામેલા સ્ત્રી દફન થઈ ગઈ હોય અને તેના પેટમાં બચ્ચું જીવતું હોય તો એ બચ્ચાને બહાર લાવવા માટે કબર ખોલી શકાય છે.

(૯) અગર એવો ભય હોય કે કોઈ જાનવર ફાડી ખાશે યા પાણીના પૂરમાં મય્યત તણાઈ જશે યા દુશ્મન મય્યતને કબરમાંથી બહાર કાઢશે તેવા સંજોગોમાં કબર ખોલી શકાય છે.

(૧૦) અગર મરનારે પોતાના શરીરને માસુમીન અ. ના હરમમાં લઈ જવાની વસિય્યત કરી હોય અને ભૂલથી બીજી જગ્યાએ દફન કરી દીધેલ હોય તો જો મય્યતની બેહુરમતી થતી ન હોય તો મય્યતને પાક જગ્યાએ લઈ જવા માટે કબર ખોલી શકાય છે.



https://downloadshiabooks.com/

## સગાવહાલાઓનો દિલાસો આપવા વિષે

(૧) સુન્નત છે કે મરનારના સગાવહાલા, દોસ્ત બિરાદરો તેમજ તેની સાથે સંબંધ રાખનાર સૌને દફન પહેલાં અને દફન બાદ દિલાસો આપે અને સબ્ર કરવા કહે.

(૨) મુસ્તહબ છે કે પાડોશમાં રહેતા લોકોએ મરનારના સગા સંબંધીઓને ત્રણ દિવસ સુધી ખાવાનું પહોંચાડે. તેમની સાથે યા તેમના ઘરે ખાવું મકરૂહ છે.

**હ. રસુલે ખુદા સ. ફરમાવે છે કે :**

જે કોઈ મોમીનને તેની મુસીબત વખતે આશ્વાસન આપશે તો ખુદાવંદ કયામતના દિવસે તેના કદ પ્રમાણે કરામતો અને બુઝુર્ગીનો પોશાક પહેરાવશે.

**હ. અલી અ. ફરમાવે છે કે :**

જે કોઈ મરણ પામેલ દિકરાની માતાને દિલાસો આપે તો ખુદા કયામતના દિવસે પોતાના અર્શના છાયા નીચે જગ્યા આપશે જ્યારે કે તે દિવસે તેના છાયા સિવાય બીજી કોઈ પનાહ નથી.

(૩) મરનારની પાછળ ત્રણ દિવસથી વધુ શોક ન રાખે.

(૪) મરનારની પત્નીને ચાર મહિના અને દસ દિવસ સુધી ઈદ્દતમાં રહેવું વાજીબ છે. ઈદ્દત દરમ્યાન કોઈ જાતનો શણગાર તેમજ રંગીન પોષાક ન પહેરે.

(૫) મુસ્તહબ છે કે ઈન્સાન પોતાના કુટુંબીજનોની મોત પર ખાસ કરીને દિકરાની મોત પર સબર કરે. જ્યારે મરહુમની યાદ આવે ત્યારે **ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન** (અલ્લાહ તરફથી આવ્યા છીએ અને અલ્લાહ તરફ પાછા જવાના છીએ) પઢે. મર્હુમ માટે **કુરઆને મજીદ**ની તિલાવત કરે. માતા-પિતાની કબરો પર જઈ ખુદા પાસે હાજત તલબ કરે.

(૬) ઈન્સાન માટે જાઈઝ નથી કે કોઈના મરવા પર પોતાના ચહેરાને, શરીરને જખ્મી કરે અથવા પોતાના વાળ ખેંચીને ઉખેડે. અગર એવું કરે તો **કફ્ફારા રૂપે એક ગુલામને આઝાદ કરે. યા દસ ફકીરોને અનાજ આપે. યા પહેરવા માટે કપડાં આપે.** માથું કે ચહેરાનું પીટવું જાઈઝ છે.

(૭) મુસ્તહબ છે કે મય્યત પર હદ ઉપરાંત ઊંચા અવાજે ન રડે.



https://downloadshiabooks.com/

# નમાઝે વહશત

**હ. રસુલે ખુદા સ. મે ફરમાવ્યું છે કે,**

મય્યતને કબરમાં પહેલી રાતના જેટલી સખ્તી થાય છે તેટલી બીજા કોઈ સમયે થતી નથી. તેથી મરનાર ઉપર સદકા થકી રહેમ કરો, તમારી પાસે સદકો આપવા માટે કોઈ વસ્તું ન હોય તો તમારામાંથી કોઈ બે રકાત નમાઝે વહશત પઢે.

(૧) નમાઝે વહશત દફનની પહેલી રાતે કોઈ પણ સમયે પઢી શકાય છે. પણ બહેતર છે કે રાતના પહેલા ભાગમાં નમાઝે ઈશા બાદ પઢવામાં આવે.

(૨) અગર મય્યતનો દફન ક્રિયા માટે કારણોવસાત ઢીલ થાય તો નમાઝ વહશત પઢવા માટે દફનની પહેલી રાત સુધી ઢીલ કરવી જોઈએ.

**નમાઝે વહશત પઢવાની રીત :**

નમાઝે વહશતની બે રકાત છે. નિયત કરે કે, **નમાઝે વહશત પઢું છું સુન્નત કુરબતન એલલ્લાહ.** પહેલી રકાતમાં **સુરએ અલ્હમ્દ** બાદ **એક વખત આયતુલ કુરસી** પઢે. ત્યારબાદ રૂકુઅ-સજદા બજાવી લાવી બીજી રકાત માટે ઊભા થાય. બીજી રકાતમાં **સુરએ અલ્હમ્દ** પછી **દસ વખત સુરએ ઈન્ના અન્ઝલના** પઢે. ત્યારબાદ કુનુત-રૂકુઅ-સજદા-તશહુદ-સલામ પઢી નમાઝ પુરી કરે. નમાઝ બાદ સલવાત પઢીને કહે કે યા ખુદા આ નમાઝનો સવાબ (મરહુમનું નામ લે....)ની કબરને પહોંચાડ.



નમાઝે વહશત પઢે છે.



https://downloadshiabooks.com/

# કબરોની ઝિયારતના આદાબ

**ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,**

જેઓ અમારી ઝિયારત કરવા શક્તિમાન ન હોય તેઓ અમારા શીઆઓમાં નેક મોમીનોની ઝિયારત કરે તો તેને એ જ સવાબ લખવામાં આવશે જે અમારી ઝિયારત કરવાનો સવાબ છે.

**હ. અલી. અ. ફરમાવે છે કે :**

પોતાના સગાવહાલાઓની કબરોની ઝિયારત માટે જાઓ. કારણ કે તેઓ તમારા આ કાર્યથી ખુશ થાય છે. મા-બાપની કબર પર તેમના માટે દુઆ કર્યા પછી પોતાની હાજતને તલબ કરે તો ખુદા તેની દુઆને કબૂલ કરશે. (બેહાર-૧૦)

ઈમામ જાફરે સાદિક અ. થી સવાલ કરવામાં આવ્યો કે, "સગાવહાલાઓની કબરોનો ઝિયારત કરવાથી તેઓને કોઈ ફાયદો પહોંચે છે ? "આપે જવાબમાં ફરમાવ્યું કે, "હા, જે રીતે આપણને કોઈ હદિયો આપે છે અને આપણે ખુશ થઈએ છીએ. તે રીતે મુરદાઓ પણ આપણા ત્યાં જવાથી ખુશ થાય છે." (બેહાર-૮૨)

(૧) કબરોની ઝિયારત કરવાથી મુરદાઓની રૂહ ખુશ થાય છે. મોઅમીનોની કબરોની ઝિયારત કરવી પુરૂષો માટે મુસ્તહબ છે.

(૨) બહેતર છે કે કબરોની ઝિયારત કરવા **શનિવાર, સોમવાર, ગુરૂવારના** અસરના સમયે યા **શુક્રવારે** જાય. આ સિવાય અન્ય દિવસોમાં પણ કબરોની ઝિયારત થઈ શકે છે.

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે :**

સૂરજ ઊગતાં પહેલાં જો મુરદાઓની ઝિયારત કરે તો તેઓ સાંભળે છે અને જવાબ પણ આપે છે. અગર સૂરજ ઊગ્યા બાદ ઝિયારત



https://downloadshiabooks.com/

કરે તો તેઓ સાંભળે તો છે પરંતુ જવાબ આપતા નથી.

**હ. રસુલેખુદા સ. ફરમાવે છે કે,**

મોમીનોની કબરોની ઝિયારત રાતના સમયે ન કરો.

(૩) મુસ્તહબ છે કે કબ્રસ્તાનમાં દાખલ થતી વખતે નીચેની દુઆ પઢે.

**અસ્સલામો અલયકુમ અહલિદ દેયારે મિન કવ્મિમ મોઅમેનીન વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અન્તુમ લના સલફુન વ નહનો લકુમ તબઉન. રહેમલ્લાહુલ મુસ્તકદેમીન મિન્કુમ વ મુસ્તઅખેરીન. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન.**

(સલામ થાય કવ્મે મોઅમેનીનના કબરવાળાઓ ઉપર, અલ્લાહની રહેમત અને બરકત પણ થાય. તમે અમારાથી પહેલાં ચાલ્યા ગયા અમે તમારી પાછળ આવવાના છીએ. અમારાથી આગળ જવાવાળાઓ ઉપર અલ્લાહ રહેમ કરે. બેશક ! અમે અલ્લાહ તરફથી આવ્યા છીએ અને અલ્લાહ તરફ પાછા ફરવાના છીએ.)



**મોમીનની મય્યત પાસે કુરઆનની તિલાવત કરે છે.**



https://downloadshiabooks.com/

(૪) કબ્રસ્તાનમાં આ દુઆ પઢે.

**અલ્લાહુમ્મ જાફિલ અર્ઝ અન કોબુરેહિમ વ સાઇદ એલય્ક અર્વાહહુમ વ લક્કેહિમ મિન્ક રિઝવાનન વ અસ્કિન એલય્હિમ મિન રહમતેક મા તસેલો બેહી વહદતહુમ વ તુનેસો બેહી વહશતહુમ ઈન્નક અલા કુલ્લે શયઈન કદીર.**

(અય ખુદા! એમની કબરોની જમીનને વિશાળ કરી, એમની રૂહોને તારી તરફ બુલંદ કર, એમને તારા તરફથી, તારી રહમતથી બક્ષિસ અને સંતોષ આપ. જે થકી એમનો ભય, ડર દૂર થાય બેશક ! તું દરેક ચીજ પર કાદિર છે.)

(૫) અગ્યાર વખત **સુરએ કુલ્હો વલ્લાહ** પઢી તેનો સવાબ કબ્રસ્તાનમાંના તમામ મુરદાઓને બક્ષી દેવો મુસ્તહબ છે.

**હ. રસુલે ખુદા સ. થી રિવાયત છે કે** ખુદા પઢવાવાળાને કબ્રસ્તાનમાં જેટલા મુરદાઓ છે એ મુજબ તેનો સવાબ આપે છે.

(૬) જો કોઈ મોમીનની કબર પર સાત વખત **સુરએ ઈન્ના અન્ઝલ્ના** પઢે તો કયામતની પ્યાસથી રાહત અનુભવશે. સુન્નત છે કે સુરો પઢતી વખતે કિબ્લા રૂખ બેસે અને હાથ કબર પર રાખે.

(૭) જે માણસ મોમીનની કબર પાસે સાત વખત **સુરએ ઈન્ના અન્ઝલ્ના** પઢે તો ખુદા તઆલા તેની કબર પાસે એક ફરિશ્તાને મોકલે છે જે કબરની પાસે બેસી ઈબાદત કરતો રહે. ખુદાવંદે આલમ તે ફરિશ્તાની ઈબાદતનો સવાબ આ મય્યત માટે લખશે. જ્યારે તે કબરમાંથી ઉઠશે, તેને કોઈ જ ડર નહિ હોય જ્યાં સુધી જન્નતમાં ન પહોંચે.



https://downloadshiabooks.com/

(૮) મુસ્તહબ છે કે **સુરએ અલ્હમ્દ, સુરએ ફલક, સુરએ નાસ, સુરએ કુલ્હોવલ્લાહ અને આયતુલ કુરસી** ત્રણ ત્રણ વખત પઢવી સુન્નત છે. **કુરઆને પાકની** તિલાવત કરે. ખાસ કરીને **સુરએ યાસીનની** તિલાવત કરે.

**હ. રસુલે ખુદા સ. થી રિવાયત છે કે :**

જે કોઈ કબ્રસ્તાનમાં જાય અને **સુરએ યાસીન** પઢે તો ખુદા મુર્દાઓના અઝાબમાં ઘટાડો કરે છે અને પઢનારને મુર્દાઓ જેટલી નેકી મળે છે.

(૯) કબ્રસ્તાનમાં મુરદાઓ માટે મગ્ફેરતની દુઆ કરે. સદકા-ખેરાત આપી મુરદાઓની રૂહને ખુશ કરે. ઈન્શાઅલ્લાહ આપને પણ દુનિયા અને આખેરતમાં ફાયદો થશે.

(૧૦) **હ. રસુલે ખુદા સ. ફરમાવે છે કે,** કોઈ માણસ ગમે તેની કબર ત્રણ વખત **અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક બે હક્કે મોહંમદિન અન લા તોઅઝ્ઝેબ હાઝલ મય્યિત** કહે તે પહેલાં ખુદાવંદે આલમ તેના અઝાબને કયામત સુધી દૂર કરશે.



**કબરોની ઝિયારત કરે છે.**



https://downloadshiabooks.com/

# મરહુમ સગાઓ માટે નેક કાર્યો

સૌથી શ્રેષ્ઠ આમાલ પોતાના મરહુમ મા-બાપ અને રિશ્તેદારો માટે નેકી કરવી, તેઓના કર્ઝ અદા કરવા અને તેઓના અલ્લાહ તઆલા તથા બંદાઓના બાકી હક્કો અદા કરવામાં છે. તેથી મરહુમો માટે હજ તથા જે ઈબાદતો તેમનાથી છૂટી ગઈ છે તેને અદા કરવાની કોશિષ કરે યા અન્ય કોઈને મહેનતાણું/ખર્ચ આપીને કરાવે.

ઈમામ જાફરે સાદિક અ. પોતાના દિકરા માટે દરરોજ રાત્રે અને પોતાના મા-બાપ માટે દિવસના બે રકાત નમાઝ પઢતા હતા. જેમાં પહેલી રકાતમાં **સુરએ અલ્હમ્દ પછી સુરએ ઈન્ના અન્ઝલ્ના** અને બીજી રકાતમાં **સુરએ અલ્હમ્દ** પછી **સુરએ કૌસર** પઢતા હતા.

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે :**

કેટલીક વખત મરનાર તંગદસ્ત અને સખ્તીની હાલતમાં હોય છે. પરંતુ આ નમાઝ પઢવાથી ખુદા તઆલા તેઓની તંગદસ્તી અને સખ્તીઓને દૂર કરી વિશાળતા (રાહત) આપે છે. તેમને કહેવામાં આવે છે કે આ રાહત તમોને ફલાણા મોમીનભાઈએ તમારા માટે પઢેલી નમાઝના લીધે આપવામાં આવી છે. આ નમાઝમાં એક સાથે એકથી વધારે મરહુમોને પણ સામેલ કરી શકાય છે.


જ્યારે કોઈ મય્યત માટે **દુઆ** અને **ઈસ્તિગફાર** કરવામાં



https://downloadshiabooks.com/

આવે છે તો તેનાથી મય્યત ખુશ થાય છે. તેના માટે રાહત પ્રાપ્ત થાય છે. જીવતા માણસને કોઈ ભેટ-સોગાદ આપવામાં આવે તો તે ખુશ થઈ જાય છે. તેવી જ રીતે મય્યતની કબરમાં **નમાઝ, રોઝા, હજ** અને **અમાલે ખયર** દાખલ થાય છે તો મય્યત ખુશી અનુભવે છે. આમાલે ખયરનો સવાબ આમાલ બજાવી લાવનારને મળે છે. આમ છતાં મય્યતના માટે પણ સવાબ લખવામાં આવે છે.

રિવાયતમાં છે કે, જ્યારે પણ કોઈ માણસ કોઈ મરનારના વતીથી સદકો આપે છે તો ખુદાવંદે આલમ જીબ્રઈલને હુકમ કરે છે કે, સિત્તેર હજાર ફરિશ્તાઓ કે જેમના હાથોમાં અલ્લાહની દરેક નેઅમતોનો થાળ હોય છે તેમને લઈ તે કબર ઉપર જાય. દરેક ફરિશ્તા આ મય્યત પર **અસ્સલામો અલયક** કહે. પછી કહે કે અલ્લાહના દોસ્ત એવા ફલાણા મોમીન તરફથી આ હદિયો છે. જે તારા માટે ખાસ મોકલ્યો છે. તેનાથી તે મરનારની કબર પ્રકાશિત થશે. અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં હજાર શહેર આપશે. હજાર હુરોની વ્યવસ્થા કરશે, હજાર પોશાક તેને પહેરાવશે, હજાર હાજતો પુરી કરશે.



મરહુમ મોમીનો માટે નમાઝ પઢે છે.



https://downloadshiabooks.com/

# નમાઝે વાલેદૈન

## (મા-બાપ માટે નમાઝ)

ઓલાદ માટે મુસ્તહબ છે કે મા-બાપ માટે બે રકાત નમાઝ પઢે.

**નમાઝે વાલેદૈન પઢવાની રીત :**

નિયત કરે કે **નમાઝે વાલેદૈનની બે રકાત નમાઝ પઢું છું સુન્નત કુરબતન એલલ્લાહ.** ત્યારબાદ **સુરએ અલ્હમ્દ** પછી દસ વખત આ મુજબ પઢે.

**રબ્બિગ ફિર લી વે લે વાલેદય્ય વ લિલ મોઅમેનીન યવ્મ યકુમુલ હેસાબ.**

(અય પાલનહાર ! હિસાબ (કયામત)ના દિવસે મને મારા મા-બાપને અને મોઅમીનોને બક્ષી દે.)

ત્યારબાદ રૂકુઅ સજદા બજાવી લાવી બીજી રકાત માટે ઊભો થાય. બીજી રકાતમાં **સુરએ અલ્હમ્દ** બાદ દસ વખત આ મુજબ પઢે.

**રબ્બિગ ફીર લી વ લે વાલેદય્ય વ લે મન દખલ બયતેય મોઅમેનંવ વ લિલ મોઅમેનીન વલ મોઅમેનાત.**

(અય પાલનહાર ! મને મારા મા-બાપને અને જે મોમીનો મારા ઘરમાં પ્રવેશ કર્યો છે તે તમામ મોમીન અને મોમેનાતને બક્ષી દે.)

પછી નમાઝ પુરી કરી દસ વખત આ મુજબ પઢે.

**રબ્બિર હમ્હોમા કમા રબ્બયાની સગીરા.**

(અય પાલનહાર ! બચપણમાં મારી દેખભાળ કરનાર એ મા-બાપ પર રહેમ કર.)

ત્યારબાદ આ નમાઝ, મા-બાપને હદિયો કરી મા-બાપના હકમાં દુઆ કરે.





https://downloadshiabooks.com/

# અમલ કરવા અંગે હ.અલી અ.ની નસીહત

તમે લોકો અત્યારે અમલ કરો કે,
જીવવાની આશા વિશાળ છે, આમાલનામું ખૂલ્લું છે, તૌબાનો પાલવ વિસ્તરેલ છે, અવગણના કરનારાઓને બરાબર દાવત અપાઈ રહી છે, કુકર્મીઓને મહેતલ અપાઈ રહી છે.

એ પહેલાં કે
અમલની ચિનગારી બૂઝાઈ જાય, મુદ્દત પુરી થઈ જાય, અમલનો સમય વીતી જાય, તૌબાનો દરવાજો બંધ થઈ જાય અને ફરિશ્તાઓ આસમાન પર ચાલ્યા જાય.

દરેક માણસને જોઈએ કે
પોતાના આત્માથી પોતાના આત્માની વ્યવસ્થા કરે. જીવતાથી મૂડદાઓ માટે, નશ્વરથી અમર માટે અને જવાવાળાઓથી રહેવાવાળાઓ માટે.

જ્યાં સુધી મુત્યું સુધીનું જીવન પ્રાપ્ત છે અને અમલની તક મળેલી છે, ખુદાનો ડર પેદા કરો. તમારા મનને અંકુશમાં રાખો. તેને લગામ આપી ખુદાની અવજ્ઞાથી રોકી દો અને ખેંચીને અલ્લાહની ફરમાબરદારી સુધી લઈ આવો.

(નહજુલ બલાગાહ ખુત્બા નં.-૨૩૭)



https://downloadshiabooks.com/

૧૪૦૫ હિજરી **કૌમની સેવામાં ૨૯ વર્ષ** ૧૪૩૪ હિજરી

## ઝયનબીયાહ ઇસ્લામી લાયબ્રેરી, મેતા

| | | |
|---|---|---|
| (૧) | સલામ કરવાના આદાબ (સચિત્ર) | ઉપલબ્ધ નથી |
| (૨) | દાતણ કરવાના આદાબ (સચિત્ર) | રૂ. ૧૦ |
| (૩) | જમવાના આદાબ (સચિત્ર) | રૂ. ૧૦ |
| (૪) | વઝુ-નમાઝ અને તયમ્મુમ- ગુસ્લના આદાબ (સચિત્ર) | ઉપલબ્ધ નથી |
| (૫) | ગુસ્લ-કફન-દફનના આદાબ | રૂ. -------- |
| (૬) | સદાચાર | રૂ. ૧૦ |
| (૭) | ભાઈચારો | રૂ. ૨૦ |
| (૮) | સફાઈ | રૂ. ૨૦ |
| (૯) | ઘર | રૂ. ૨૫ |
| (૧૦) | શિષ્ટાચાર | ઉપલબ્ધ નથી |
| (૧૧) | તારીખુશ્શીઆ | રૂ. ૧૦ |
| (૧૨) | વ્યાજનો વ્યવહાર | ઉપલબ્ધ નથી |
| (૧૩) | મજાલીસે શમીમ | ઉપલબ્ધ નથી |
| (૧૪) | હ. અલી અ. ખલીફ એ રસુલ સ. | રૂ. ૫૦ |
| (૧૫) | ચૌદ માસુમીન અ. નું જીવન ઝરમર (ચાર્ટ) | રૂ. ૧૦ |
| (૧૬) | હરામ નિગાહ યાને બૂરી નજર | ઉપલબ્ધ નથી |

આ ઉપરાંત હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રકાશિત કિતાબો પણ મળશે.

-: પ્રાપ્તિ સ્થાન :-


## ઝયનબીયાહ ઇસ્લામી લાયબ્રેરી, મેતા

મેતા - ૩૮૫૫૨૫, (ઉત્તર ગુજરાત) ઈન્ડિયા.

ફોન : (૯૧-૨૭૩૯) ૨૮૬૦૫૪, મો. : ૯૮૯૮૩૬૯૦૮૯

E_mail : mohak_110@yahoo.co.in
jafari_92@yahoo.co.in


Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474

https://downloadshiabooks.com/